# સંસ્કાર સુમન

# Sanskar Suman

સંપાદક

પ્રા. ડૉ. ચૈતન્ય દેસાઈ

Editor

Dr. Chaitanya Desai

# સંસ્કાર સુમન

# SANSKAR SUMAN

❀

• સંપાદક •

પ્રા. ડૉ. ચૈતન્ય દેસાઈ

• Editor •

Dr. Chaitanya Desai

# SANSKAR SUMAN

(A collection of Prayers, Bhajans, Psalms Etc.)

❀

•પ્રકાશક•
કાંતિભાઈ મોહનભાઈ ભકત
સુમનભાઈ મોહનભાઈ ભકત
પ્રવીણભાઈ મોહનભાઈ ભકત
બાજીપુરા, તા. વાલોડ, જિ. સુરત
HAWTHORNE
NV 89415 P.O. BOX 836
U.S.A.

❀

• પ્રથમ આવૃત્તિ •
વિજયાદશમી-ઓકટોબર-૨૦૦૦

પ્રત : ૨૫૦૦

મુલ્ય : સંસ્કારવર્ધન

❀

• મુદ્રક •
નટુભાઈ ગોપાળભાઈ પટેલ
રોનક પ્રિન્ટર્સ, બારડોલી-394601
ફોન : (02622) (ઓ.) 21085 (ઘર) 22849
ભારત

# પ્રકાશકને હૈયેથી...

વિદેશમાં અમારો વસવાટ- દેશમાં માતાપિતા, ઘરગામ=વતનનો ઝૂરાપો + નવી પેઢીના ઉછેરની ચિંતા !

આ છે અમારા જીવનનું ફળશ્રુતિરૂપ સમીકરણ !

વર્ષો થયાં અમે કમાણી અર્થે 'બહાર' નીકળી ગયા, તો ભારતીય સંસ્કાર પર્યાવરણથી પણ 'બહાર' જ રહી ગયા, પરંતુ અમારી 'અંદર' જે પડેલું હતું તેનો સદા સાદ સંભળાયા કરે કે 'કંઈક ખૂટે છે', તે ઉમેરવું જોઈએ, કંઈક કરવું જોઈએ !

અમારો ઉછેર ભારતની તળભૂમિ ઉપર. ગુજરાતી ગામડું- તેનું ધૂળિયું-ફળિયું, જેમાં લખોટી, ભમરડા, ગીલ્લી-દંડાને બોલ-બેટ અમારા દોસ્તો! બાજીપુરા-વાલોડની શાળાઓમાં અમારી અક્ષરજ્ઞાનની આંખ ખૂલી. માતા-પિતા, કાકા-કાકી, ભાઈઓ-બહેનો વગેરેના હર્યા-ભર્યા પરિવારમાં ઉછેર અમે પામ્યા. મળસ્કે માનો સૂર-

'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તૂજ વિના ધેનુમાં કોણ જાશે'

કે

'જળકમળ છાંડી જાને બાળા સ્વામી અમારો જાગશે...' રેલાતો હોય ને સાથે હળવાશથી ફરતી ઘંટીનો સાદ અમારા ઊંઘતા-જાગતા મનોવિશ્વમાં સિંચાયા કરતો. અરે, વાસીદું કઢાવતાં, દૂધ દોહતાં કે છાસ વલોવતાં શાંતા બામાં અમને મા જશોદાનાં દર્શન થતાં. ભોજન વેળા માખણ મિશ્રિત વાટકો છાસ મળતી. અનુપ જલોટાના કંઠેથી 'મૈયાં મોરી મૈં નહીં માખન ખાયો' તો ઘણાં વર્ષો પછી અમારા શ્રવણ વિશ્વમાં આવ્યું, પણ તે પૂર્વે શાંતા બાની છાસને માખણ અમે ખાઈ ચૂકયા હતા. દાદી અને બાએ આવાં ભકિતપદો અમારામાં સીંચેલા. પ્રભાતે વાડામાંથી બારમાસીને જાસૂદનાં ફૂલો ચૂંટી દેવપૂજા કરી અમને આરતી આપી ચપટી ખાંડ-તુલસીપાનનો પ્રસાદ ધરતાં. દાદીમા પ્રસાદમાં ખાંડથીયે મીઠા સંસ્કાર આપતાં કે નાહી ધોઈને દેવસ્થાને પગે લાગીને જ ખવાય, બહાર જતાં પહેલાં ઘરનાં દેવસ્થાને પગે લગાય વગેરે... તો સાંજે દાદા હીંચકે બેસી રામ-સીતા હનુમાનની વિસ્મયભરી વાર્તાથી અમારા બાળમાનસને રામાયણનો પરિચય કરાવતા. સાંજે આરતી ટાણે ફળિયાના મંદિર તરફ ઘંટની દોરી પકડવા અમે દોટ મૂકતા. ત્યાં શ્લોક, સ્તુતિ-પ્રાર્થના એવાં ગવાતાં કે બસ સાંભળ્યા જ કરીએ. આ બધું અમારું ભાથું અજાણપણે જ, એનો અર્થ ન સમજાય તોયે, જમા થયા કરતું.

મોટા થયે વિદેશ વસ્યા, કપરા કાળમાં કુટુંબ માટે કંઈક કરી રહ્યા ત્યારે એ જ પ્રાર્થના, ભજનોના શ્રવણ સંસ્કાર 'સુખ દુઃખ મનમાં ન આણીએ રે'- અમને વિપત્તિમાં હિંમત આપતા રહ્યા, તો વળી કબીર સાહેબનું 'ગુરુ બિન કૌન બતાવે વાટ' અમારી ગુરુ નિષ્ઠાને દઢ કરતું રહેતું. ઉંમર વધતાંની સાથે વધતા વિષાદને સહ્ય બનાવતા-'જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું'- મીરાંબાઈના પદે અંતર્મુખ થવા પ્રેર્યા. આમ આપણી ભારતીય સંસ્કૃતિનો વારસો, જે આપણા ગૃહજીવન ને સમાજજીવનમાં ગૂંથાયેલો છે તે અમે તો જાણ્યો, માણ્યો ને આચર્યો. એ પરત્વે એક પ્રકારનું મમત્વ બંધાયું છે. પિતાજીના અવસાન સમયે અમને એક પ્રકારનો ખાલીપો લાગ્યો, જેમની આંગળી ઝાલી અમે ફળિયું, પાદર, ગામ-ખેતર ખૂંદ્યાં, જેમણે સંસ્કારના પાઠ શીખવ્યા તેમની વિદાય અમને વિહ્‌વળ કરી ગઈ...પરંતુ શોકના દિવસોમાં થતી પ્રાર્થના-ધૂનો વગેરેમાંથી અમે બળ મેળવ્યું અને પૂ. શાંતા બાના આશીર્વાદથી એવું કંઈક તર્પણ કરવાનું વિચાર્યું કે જેથી બાપુજીની સ્મૃતિ, સંસ્કાર-વારસો જેમ અમને મળતો રહ્યો હતો તેમ આપણી ભારતીય સંસ્કૃતિનું સંસ્કાર ધન આપણા અન્ય ભકત પરિવારોને પણ તે મળે. આવું વિચારી આપણાં થોડાંક પ્રચલિત ભજનો, ધૂનો, શ્લોક, પ્રાર્થના વગેરેને ગ્રંથસ્થ કરી બધાંને વહેંચવાનું નક્કી કર્યું. પરંતુ સાથે જ વિદેશમાં અમારી જોડે ઉછરતી અમારી નવી પેઢીને તો ગુજરાતીમાં શું સમજાય ? કદાચ ભજનો, શ્લોક સાંભળીને જરાતરા શીખે, બોલાવે તો બોલે, પણ લેખિત વાચન સ્વરૂપે પંકિતઓને અંગ્રેજી લિપિમાં જો તેમને મળે, એટલું જ નહિ તેનો સાદો-સંક્ષિપ્ત અર્થ પણ અંગ્રેજીમાં અપાય તો એમને સીંચનારું ભાથું તેમના સુધી વિસ્તારી શકાય.

આ વિચારને કાર્યાન્વિત કરવામાં 'કબીરવાણી' પરિવાર જોડે સંકળાયેલા, બારડોલી કોલેજના અંગ્રેજીના પ્રોફેસર ડૉ. ચૈતન્યભાઈ દેસાઈનો સ્નેહાળ સહયોગ અમને સાંપડયો. ઓરણાના શ્રી હસમુખભાઈ આર. ભકત (તંત્રીશ્રી કબીરવાણી) અને શિક્ષક શ્રી ભરતભાઈ નાયક દ્વારા અમે એમને મળી અમારી ભાવના સમજાવી. તેઓ અમારો કહેવાનો મર્મ પામી ગયા અને થોડાં અન્ય ભજનો, શ્લોકો, સ્તુતિ વગેરે ઉમેરી તેમને ગોઠવી આપી તે બધાનું સરળ અંગ્રેજી કરી, સાથે સુયોગ્ય પ્રસ્તાવના બાંધી આપી અમને ઉપકૃત કર્યા. એમણે ટૂંકા સમયમાં લીધેલ શ્રમ બદલ અમે ચૈતન્યભાઈના ખૂબ આભારી છીએ. એટલું જ નહિ, 'કબીરવાણી' છાપતા પ્રેસ રોનક પ્રિન્ટર્સના શ્રી નટુભાઈ પટેલનો પણ તેમણે સંપર્ક કરાવી, વિગતો ગોઠવી, આ સંગ્રહને આખરી ઓપ આપવામાં ને આપ સૌ સુધી પાઠવવામાં શ્રી નટુભાઈએ અને શ્રી ચૈતન્યભાઈએ સારી જહેમત લીધી છે. બાજીપુરાના મારા મિત્ર શ્રી વીનુભાઈ ખત્રી તથા વડીલ સેવક શ્રી દિલીપભાઈ ભકતનો સહયોગ પણ વિસરાય તેમ નથી. આપ સૌ પ્રતિ અમે અંતઃકરણનો આભાર પ્રગટ કરીએ છીએ.

અંતે આપ સૌએ આ સંગ્રહને હાથ ધર્યો છે તો હૈયે પણ ધરશો, ને આપણાં પરિવારોમાં નિત્ય પૂજા-પ્રાર્થના સમયે તેનો ઉપયોગ કરશો ને બાળકોને કંઈક ભાથું આપશો તો અમારા સ્વ.

પિતાશ્રીનું કિંચિત તર્પણ કર્યાનો અમને સંતોષ મળશે. અને આપણી ભારતીય સંસ્કાર પરંપરાનાં કેટલાંક બીજ વિદેશોમાં આપણાં પરિવારોમાં એકવીસમી સદીમાંયે રોપાશે, આપણી ભાવિ પેઢી એમાંથી કંઈક ગ્રહણ કરશે એવી ભદ્ર ભાવનાસહ વિરમીએ છીએ !

આપના પાવન કરકમલોમાં ભાવપૂર્વક ને આદરપૂર્વક આ સંસ્કારબીજ સમર્પિત કરીએ છીએ !

૧૨ મે,૨૦૦૦
(બાજીપુરા) તા.વાલોડ
P. O. Box. 836
HAWTHORNE,
NV -945-3316
U. S. A.

-કાંતિભાઈ મોહનભાઈ ભકત
-સુમનભાઈ મોહનભાઈ ભકત
-પ્રવીણભાઈ મોહનભાઈ ભકત



# The Reflections of the publisher

To stay abroad minus, leaving our parents and native milieu in India, is equal to a strong yearing for the native land, coupled with anxiety of upbringing the new generation. This is the consequential equation of our lives !

We have been staying out of India for better earning for years together, and indeed we remained 'out of' her cultural environment as well. But whatever was there 'within' us, constantly haunted us that 'something' is lacking and that should be supplemented, or we should do something to supplement it.

We had been nurtured on the Indian soil, in a Gujarati village-amidst its dusty street and rough roads, in the companionship of indigenous games like 'gilli-danda', tops, ball-n-bat and marbles. The primary school of Bajipura-Valod proved a craddle of literacy for us. We had been born and uniquely brought up in a joint family lovingly shared by parents, uncles, aunts, brothers-sisters, cousins and grand parents. Our ears were used to the morning hymns sung by our mother or grandmother-

" Jaag ne Jaadva, Krishna govadiya
Tuz vina dhenma kaun jashe........"

(Mother Yashoda wakes up her son Kanaiya-child Krishna-a cow boy to go after the cowherds....

OR

Jalkamal chhandi jane bala swamiamaaro jaagshe... and such Bhajans...

The morning tunes of such hymns, blended with the sweet roars of hand floor mill, used to percolate into our drowsy ears and slumbering psyche. Shantaba and my grandmother used to hum while doing their domestic activities like- milking the cows, cleaning the cowshed, churning the buttermilk and making butter and so on. We used to have the 'Darshana' of the divine mother Jashoda in Shantaba,

who gave us a bowlful buttermilk at lunch. We heard-

"Maiya mori meinahi maakhan khaayo...." sung by Anoop Jalota, a famous Bhajan singer, very late, but our mother made us eat butter at a very early stage in our childhood. What a pleasant milieu it was! Grandma plucked various flowers from the backyard, offered puja-worship, had Tulsi and sugar as prasad, after aarti. The pinch of prasad given by the grandma gave us heaps of 'Sanskaara'-virtues or good habits like- eat only after taking bath, purifying oneself, have darshana and chanting of mantra before going out, and so on. The grandfather introduced the Ramayana and the Mahabharat to our mental world through interesting stories of Ram, Sita, Hanumaan, sitting on the swings in the evening.

It was a fascinating moment when we ran to get the string of the temple-bell at the aarti. The sweet music and melody of the prayers, bhajans, hymns sung at the temple are still fresh in our minds. All these memories, good habits and the village environment, the blissful presence of parents enriched us knowlingly or unknowingly.

When we grew older and settled abroad to earn for the family, the same virtuous heritage given by our parents came to rescue us during hard times- and ordeals. We got great solace and courage from bhajans like-

'Sukh-dukh manmaa na aaniye re...' by Narsinh Mehta, and-

'Guru bin kaun batave vaat...'by Kabir Sahib...strengthened our faith in Guru Lord Kabir.

The aging process and consequent dejection and despair became bearable with the philosophical understanding of Meerabai's poem-

'Junu to thau re deval...

Junu to thau...'

This devotional song nurtured introvertness in us.

Thus, we knew, enjoyed and practised this Indian cultural heritage, which has been intervowen in our domestic and social life. We could develop a sort of unavoidable affinity with the virtuous heritage. We undergone a phase of terrible void and gloom at the demise of our father. His exit rendered us bewildered and agoinzed, thinking that we had learnt lessons of good habits and had seen the

street, the village and the outskirts by holding his finger; such a father is no more now...

But the prayer sessions hold during those days gave us strength. And with the blessings of Shantaba, we thought to do something which satisfy and pacify the soul of our departed father and invigourate all the Bhakta families with the vital virtues of our Indian culture and religion.

We thought to collect, edit, translate, publish and distribute some of our popular Bhajans, prayers, hymns to the Bhakta families all over the globle. But the new generation residing abroad may not follow Gujarati or Hindi. The children may perhaps listen to them, copy its recitation, but if the lines of Bhajans or prayers are given in English script alongwith their simple meaning would serve the purpose better.

We are fortunate enough to get an affectionate co-operation of Dr. Chaitanya Desai, of Bardoli college and an associate of 'Kabir-vani', to execute the idea. We approached him through Mr. Hasmukhbhai R. Bhakta, editor, 'Kabir-vani' and Mr. Bharatbhai Naik, a teacher at Orna High school, and explained Dr. Desai our idea. He could follow the gist clearly and assured us to help to carry out the project. He added some Bhajans, prayers, hymns and dhun to our earlier stocks, edited them, introduced them with adequate Foreword and back ground. He also put everythingin simple English. We are very much thankful to Dr. Chaitanaya Desai for taking great pain in shaping our vision into reality within a short spell of time.

We are also grateful to Mr. Natubhai Patel of Ronak Printers, Bardoli, the press where our 'Kabir-vani' is getting printed, for preparing the final form of this book and placing it into your hands.

We cannot forget the co-operation extended by Mr. Vinubhai Khatri, my friend of Bajipura, Mr. Dilipbhai Bhakta, a noted social worker and director, Madhi Sugar Factory. We express our sense of gratitude to all.

Lastly, we earnestly hope that this collection of prayers and Bhajans, would be helpful not only to our Bhakta families but to all the community members at their daily prayers, and worships. If it be used to cultivate certain good habits among children, we should be

highly satisfied to have done something meaningful to pacify the soul of our father. It would enable to sow certain seeds of Indian cultural tradition among the younger generation living abroad even in the 21st century. We conclude with the hope that our furture posterity would at least grasp something from it.

We decdicate this seed of culture to you and place this booklet in your holy hands with revence and devotion !

**10th May, 2000**
**Bajipura (Valod) Gujarat**
**HAWTHORNE**
**NV 89415-P. O. Box. 836**
**775-945-3316,U.S.A.**

**Kantibhai Mohanbhai Bhakta**
**Sumanbhai Mohanbhbhai Bhakta**
**Pravinbhai Mohanbhai Bhakta**

**હયાત માતાપિતાની છત્રછાયામાં તેમની પાસે પ્રેમથી બેસી પેટ ભરી નીરખી લેજો. સાચા હૃદયથી એક ક્ષણ માટે પણ ભેટી લેજો. કાળની કારમી થપાટ લાગ્યા પછી પસ્તાશો. આંસુ સારી સંભારશો, તો પણ એ વાત્સલ્યનો પ્રેમાળ હાથ તમારા મસ્તક પર નહી ફરે. અમૃતના અખૂટ ખજાના સમાન માતાપિતા શીતલ છાયામાં વર્ષો સુધી રહેવાનું ભાગ્યશાળી સંતાનોના નસીબમાં જ હોય છે.**

❀

Parents are the indexhaustible treasure of elixir of love. Enjoy completely, the presence of such a shadowy sheltter of lovable parents. Spare time to sit by them and observe them with adoration. Embrace them even for a moment with true feelings and deep devotion. If you don't capture this moment, you are sure to repent tearfully for their affectionate and ardourous, cuddlesome, touch after their not being on this earth. Such a house is a paradise where fortunate children reside under the blissful presence of parents and grand parents for years together.

# આપણો અમૂલ્ય વારસો

જીવન એ પરમાત્માની આપણને મળેલી અપ્રતિમ, અણમોલ ભેટ છે. માનવ દેહ કે માનવજીવન અમૂલ્ય, અજોડ અને અનન્ય ઉપહાર છે. આપણા માતાપિતાના નિમિત્ત દ્વારા આ અવની ઉપર આપણું અસ્તિત્ત્વ હોવું, તેનું આ સૃષ્ટિ માતાના જીવનવારિ દ્વારા પાલન-પોષણ થવું અને આપણો વિકાસ થવો- આ સમગ્રની પાછળ કોઈ ચાલક, પ્રેરક, પ્રભાવક કે નિયંત્રક પરિબળ સતત કાર્યરત છે. તેને પછી આપણે પરમપિતા પરમાત્મા, બ્રહ્મા, પ્રભુ, ઈશ્વર, ભગવાન, દૈવી શકિત, કુદરત, સર્જનહાર વગેરે ગમે તે નામે ઓળખીએ. સમગ્ર નિર્જીવ-સજીવ સૃષ્ટિ સર્જયા બાદ સર્જનહારે પોતાનો પ્રાણ રેડીને પોતાનો અંશ ઉમેરી, પૂરી ચીવટાઈથી મનુષ્યનું સર્જન કર્યું છે. પ્રભુના પરિશ્રમને સાર્થક કરવા, એમની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા આપણે પૂરા પ્રયત્ન કરવા જોઈએ એવું આપણા કૃતજ્ઞ મનને સહેજે લાગે. તો, પ્રભુની આપણી પાસે શી અપેક્ષા હોઈ શકે ? આપણને આપણાં સંતાનો-સ્વજનો કેટલાં પ્રિય હોય છે, તેમને આપણે કેટલો સ્નેહ-સૌહાર્દ આપતા હોઈએ છીએ તો પ્રભુનાં સંતાન એવા આપણને પણ પ્રભુ પિતા પણ કેટલું વ્હાલ કરતા હશે? તો ઈશ્વરની આપણી પાસે એક અપેક્ષા વળતા વ્હાલની, સ્નેહની હોઈ શકે. સાથે જ આપણે પરસ્પર સ્નેહથી રહીએ તેય ભગવાનની ખુશીનું નિમિત્ત છે. પ્રભુને તેમનાં સંતાનો રાગ-દ્વેષથી લડતાં-ઝઘડતાં રહે, પોતાનાંને અન્યનાં જીવન વેડફતા રહે, દુ:ખી, નિર્માલ્ય, લાચાર રહે તેવું તો ન જ પસંદ હોય ને ? કારણ કે પ્રભુ પ્રેમ સ્વરૂપ છે. સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે, શકિત અને શાંતિ સ્વરૂપ છે- આપણામાં આ પ્રભુઅંશો ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને આપણે આ આ અવની ઉપર અવતરેલું સાર્થક થાય તેવું કરતા જઈ ઉન્નતિ સાધીએ તો પરમાત્મા રાજી જ થાય ને? તો એ માટે આપણે શું કરવું જોઈએ ?

જીવનમાં દરેકને આનંદ, પ્રેમ અને શાંતિની ઝંખના હોય છે. પરંતુ તેના સાચા પ્રકારોની પરખ અને તે માર્ગો અપનાવવાની આવડત બધામાં નથી હોતી, જેમ કે આનંદના બે પ્રકાર છે: એક સાચો અને તેથી સ્થાયી અને બીજો ખોટો અને તેથી ક્ષણિક. પહેલો લાભ કરનારો, માટે આદરવા જેવો અને બીજો હાનિકારક માટે છોડવા જેવો. સાચો આનંદ સદાચાર, સેવા, ત્યાગ, સત્સંગ-સંગીતમાંથી મળે, જે આત્મલક્ષી, આંતરિક અને ચિરસ્થાયી છે. અન્ય પ્રકારના આનંદ વસ્તુલક્ષી, બાહ્ય અને અલ્પજીવી છે. ફિલ્મો-ટી.વી. ખૂબ ગમે છે, ખૂબ જોયું, ભાવતી વાનગીઓ ખાધી, ગમતાં વસ્ત્રો ખરીદ્યાં, પહેર્યાં, સુંદર ગાડી વસાવી, ફર્યા- પછી શું ? બધું કયાં સુધી આનંદ

આપે છે ? તમારા 'સ્વ' ને એ સ્પર્શે છે ખરું ? આપણે કદી આપણી જાતને પ્રશ્ન પૂછયો છે ખરો કે આ બધામાંથી મારા 'સ્વ'ને શું પ્રાપ્ત થાય છે ? અરે, હું કોણ છું ? મારું 'સ્વ' એટલે શું ? મારું અસ્તિત્વ શા કાજે છે ? તેનો ઉદ્દેશ્ય શો છે ? વગેરે પશ્નો શાંતિથી કયારેક નિરાંતે બેઠા હોઈએ ત્યારે પોતાની જાતને પૂછવા જેવા છે. જુઓ તો ખરા, કેવા જવાબ મળે છે, ભીતરમાંથી ! હા, પણ એવી શાંતિ કે નિરાંત આજના જમાનામાં વ્યકિતને છે ખરી ? એ પણ એક પશ્ન છે જ. આજે તો આપણે જીવનની પ્રાથમિક આવશ્યકતાઓની પૂર્તિ કરવામાં જ ખર્ચાઈને ખોવાઈ રહ્યા છીએ એવું નથી લાગતું ? સવારથી રાત સુધી દરેકને દોડાદોડ છે, ચિંતા છે, વિદ્યાર્થીને ભણવાની ચિંતા, ત્યારપછી નોકરી કે ધંધામાં ગોઠવાવાના પ્રયત્નો, વેપારી- ધંધાર્થીને તેમાં સફળ થવાનો ઉચાટ વગેરે- બધા જ અશાંતિ, ઉદ્વેગ ને ઉચાટના શિકાર ! સંપન્ન વર્ગને આવશ્યકતા પૂર્તિની ચિંતા નથી ત્યારે તેમના જીવનમાં અંતરના પ્રેમની ઊણપ, સંબંધોના સૌહાર્દની કટોકટી જેવા પશ્નો છે. મનુષ્યને સાચા આનંદ, પ્રેમ અને શાંતિની પ્રાપ્તિ ને પરિતૃપ્તિ થતી જ નથી.

તો જીવનમાં શું જોઈએ ? શ્રી રવિશંકરજી કહે છે તેમ ચાર વસ્તુઓ જોઈએ:- ભકિત, મુકિત, શકિત અને યુકિત. ભકિત અને મુકિતથી આપણું આંતરિક જીવન શાંત, પ્રસન્ન અને પ્રેમમય બનશે, જયારે શકિત અને યુકિતથી બાહ્ય જીવન પરિપૂર્ણ થશે. દુન્વયી બાબતો- સંસારમાં યુકિત અને શકિતથી જીવો અને આંતરિક જીવનમાં ભકિત અને મુકિતથી ! જો પ્રથમ આંતરિક જીવનમાં પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાભાવ, ભકિતભાવ જન્મશે અને આપણે મુકિત-સાહજીકતા, સરળતા, નિર્દોષતા, નિષ્કપટ કેળવીશું તો તે મુજબ આપણી આંતરિક-શકિત, આત્મશકિત ખીલશે અને તેવી વ્યકિતનો જીવન-વ્યવહાર પણ સરળ યુકિતપૂર્વક ગોઠવાશે. તેણે કાવા-દાવા, પ્રપંચ, છળકપટ, અનીતિ, શોષણ, ચોરી વગેરેનો આશરો નહિ લેવો પડે. જેણે ભકિત અને મનની મુકિત સાચવી છે તેની જીવનની યુકિત અને આંતરિક શકિત આપોઆપ સધાય છે. આપણે સૌ યથા શકિત-મતિ પ્રગતિનો પ્રયત્ન તો કરી જ રહ્યા છીએ. પરંતુ એ પ્રગતિ માત્ર બાહ્ય કે ભૌતિક જ ન રહેતાં, માનસિક, ચૈતસિક, આંતરિક ઉન્નતિ પણ થાય, આત્મકલ્યાણની દિશામાંયે થાય તેવો પ્રયત્ન પણ સતત જાગૃતિપૂર્વક થવો ઘટે. જો આપણે માત્ર ભૌતિક અને બૌદ્ધિક વિકાસની દિશામાં જ જઈશું અને આત્મોન્નતિ માટે કશું નહિ કરીએ તો જીવનમાં અંતે ખાલીપો અને અર્થશૂન્યતા પેદા થશે, જે દુ:ખમાં પરિણમશે. માટે આપણા પરિવારમાં અને અન્ય વ્યકિતઓ સાથેના આપણા વ્યવહારોમાં આપણા ભકિતમય મુકત મનનું પ્રતિબિંબ પડવું જોઈએ. આપણાં ક્રોધ, કટુતા, તનાવ ઘટશે. માનવ-માનવ જોડે ભાઈચારો, પ્રેમ વધશે. એવું જીવન દરેક જીવતા થાય એવી જીવન જીવવાની કળા, જીવન સાફલ્ય સાધના, આપણી ભારતીય સંસ્કૃતિએ બતાવી જ છે ને ! જેનાથી મનમાં પ્રસન્નતા, પ્રેમ, શાંતિ ઉદિત થાય તે જ સાધના ! એ જ ધન સાથે આવશે. આપણે પ્રસન્નચિત્ત બનીએ, મન હલકું થઈ જાય, પ્રભુપ્રીત જાગે એ જ સૌથી મોટી પૂજા છે. પ્રભુએ આ સૃષ્ટિ જ આપણા આનંદ માટે રચી છે એવું નથી લાગતું ? વિવિધરંગી

ફૂલો, અનેક સ્વાદના ફળો, ઉષા-સંધ્યાના મોહક રંગો, નદી-પર્વતો, ઝરણાં, વનરાજી, હરિયાળી બધામાં હરિના હસ્તાક્ષર છે, જે આપણને પ્રસન્નતાનો, હાસ્યનો, હળવાશનો, સંદેશો આપે છે. ઈશ્વરને ખુશ કરવા, ભકિત કરવા, ઘરબાર છોડવાની કે બાહ્ય આડંબર કરવાની જરૂર નથી. બસ જરૂર છે સાફ દિલની અને કૃતજ્ઞ ભાવથી ઈશ્વર પ્રીત્યર્થે કર્મ કરવાની ! એ જ સાચી ભકિત છે. પરમાત્માનું સાંન્નિધ્ય આપણા હૃદયને પૂર્ણ આનંદથી ભરી લે છે, ખાલીપાને ઈશ્વરી ગુણોથી સભર બનાવશે. પ્રશ્ન છે, પ્રભુ જોડે પ્રાકૃતિક માધ્યમે કે સત્સંગ-સંકીર્તન માધ્યમે એકરૂપતા અનુભવવાનો. અબ્રાહમ લિંકનને તેના સૈનિકોએ કહ્યું કે : Don't worry, God is with us. ચિંતા ન કરશો, ઈશ્વર આપણી સાથે જ છે. પરંતુ લિંકને કહ્યું કે, It is good, but the question is, how far are we with God ? ભગવાન આપણી સાથે છે એ તો સારું છે, પરંતુ આપણે કેટલા પ્રમાણમાં ભગવાનની સમીપ છીએ તે મહત્ત્વનું છે.

તો, સર્જનહારનું સામીપ્ય કેળવવાનો, સંસ્કાર-સરિતાના સૂરોમાં ઝબોળવાનો ભારતીય સંસ્કૃતિએ ચીંધેલો અને સંતસાહિત્યે પ્રબોધેલો, ભકતો સંતો, એ આચરેલો એવો સરળ સંકીર્તનનો સુંદર સહજ માર્ગ આ નાનકડા, નમ્ર પ્રકાશન દ્વારા પ્રયોજયો છે. આ સાથે સંવાદની એક આછેરી ઝલક, પ્રભુ પરાયણતાનું એક નાનેરું નિમિત્ત એ પૂરું પાડે તેવાં કેટલાંક પદો, ભજનો, શ્લોક-સ્તુતિઓનો આ સંપુટ આપનાં કરકમલમાં મૂકાઈ રહ્યો છે. ઈશ્વર પ્રત્યે કૃતકૃત્યતાનો ભાવ અનુભવતા એના સર્જકો, પ્રાર્થનાકારો, શ્લોક-સ્તુતિ રચનાકારો કે જેમનાં દિલમાંથી જે ઉદાત્ત પળે આ સરવાણીઓ વહી હશે તે ક્ષણોની નીકટતા આપણે પણ પામીએ, સંગીતના લયમાં મસ્ત બનીએ, સંતોના સૂર-સરોવરમાં ઝબોળાઈએ, ભજનોના ભાવ વિશ્વમાં ભાવવિભોર બનીએ તો આ પ્રકાશનનો શ્રમ સાર્થક થશે. આપણા દરરોજના અતિ ઝડપી અને કહેવાતા વ્યસ્ત જીવનમાંથી પાંચ-પંદર મિનિટ પરિવારસંગે સંકીર્તન કરવાનો પ્રાર્થના-પ્રસંગ આપણા ઘરોમાં આકાર લેશે તો આપણા ઘણા પ્રશ્નો હલ થશે. પહેલાંના સમયમાં વડીલો સાંજે ઘરના સભ્યો જોડે બેસી ભગવાનની વાતો, કથા વાર્તા, સત્ચિંતન કરતા. આજે તો સૌ ટી. વી.નાં જ દર્શન કરી લે છે એટલે વડીલસંગ, મંદિરો, સંતો, ગ્રંથો, પ્રાર્થના, પૂજા ભૂલાતાં જાય છે ને સંસ્કારો ક્ષીણ થતા જાય છે. માટે વ્યકિતને થોડું સ્વ-ચિંતન, know-thyself. સ્વ. મૂલ્યાંકન, ભીતર દર્શન કરવાનીયે તક સાંપડશે. બાળકોને એટલો સમય સ્થિરતા ને શાંતિથી બેસવાની પણ ટેવ પડશે. તેનાથી તેમના અભ્યાસમાં એકાગ્રતા, વિચારોમાં સ્થિરતા, સંવેગોમાં સંવાદિતા સધાશે. આમ વ્યકિતનિર્માણ, પરિવાર-સંવાદિતા થશે તો સમાજ સુધરશે તો દેશ અને આખરે વિશ્વ સુધરશે. ગૃહશાંતિ એ વિશ્વશાંતિનો પાયો છે. વ્યકિતગત પ્રાર્થના કરતાં સામૂહિક પ્રાર્થનાનો ચમત્કાર વિશિષ્ટ છે. એ આધ્યાત્મિક ડાયનેમો જેવું કામ કરે છે. એમાંથી દિવ્યશકિત, પ્રેમ અને આનંદ ઉત્પન્ન થયા જ કરે છે.

અમેરિકાનું જ ઉદાહરણ લઈએ તા. ૧૧-૪-૧૯૭૦ ના રોજ અમેરિકાએ એપોલો-૧૩ છોડયું. પૃથ્વીથી ૩ લાખ કિ.મી. જેટલે દૂર લગભગ ચંદ્રની કક્ષામાં જતાં યાનમાં કંઈક યાંત્રિક

ખામીને લીધે ભયાનક અકસ્માત થયો. આ મુશ્કેલીમાંથી ઊગરવા તત્કાલિન અમેરિકન પ્રમુખ રિચર્ડ નિક્સને દુનિયાના તમામ નાગરિકોને પ્રાર્થના માટે વિનંતી કરી અને સૌએ તેમ કરતાં આ સમૂહ પ્રાર્થનાના બળે જેમ્સ લોવેલ, જહોન સ્વાઈગર્ટ અને ફ્રેડ હેઈઝ- એ ત્રણે અવકાશયાત્રીઓની અદ્‌ભુત રક્ષા થઈ હતી. આવા તો અનેક દાખલાઓ જાહેર કે વ્યકિતગત જીવનમાં પ્રાર્થનાના મહત્ત્વના આપી શકાય. શારીરિક દુઃખો-દર્દો, અકસ્માત, વિકટ પરિસ્થિતઓ બધામાંથી એક ઉદ્ધારક બળ પ્રાર્થનાનું, પ્રભુવિશ્વાસનું યે છે. તેનો પાયો પરિવારમાંથી નંખાય તો જીવનમાં કેટલો ઉપયોગી નીવડે ?

આવું સુંદર દિશાસૂચક પ્રકાશન એક નિમિત્ત- બાજીપુરાના સ્વ. મોહનભાઈ ગોવિંદજી ભકતના ત્રણ સુપુત્રો-બંધુ ત્રિપુટી- શ્રી કાંતિભાઈ, શ્રી સુમનભાઈ અને શ્રી પ્રવીણભાઈએ તેમના સ્વર્ગસ્થ પિતાજીના સ્મરણાર્થે નાનકડું તર્પણ તેઓનાં પૂજય માતૃશ્રી ગં. સ્વ. શાંતાબેન મોહનભાઈ ભકતના આશીર્વાદથી આપણાં પરિવારોને ઉપલબ્ધ કરાવ્યું છે તે ખૂબ મૂલ્યવાન છે. શ્રી સુમનભાઈની મારી જોડે મુલાકાતોમાં હું એમના માતૃ-પિતૃભકિત, નિખાલસતા, સરળતા અને ભકત સમાજ માટે કંઈક આવું સાત્વિક પ્રદાન કરવાની તમન્નામાં દર્શન કરી શકયો છું. આપણે સૌ એમના હૃદયની સચ્ચાઈને ભકિતભાવની ભીનાશને, સમાજને ઉપયોગી થવાની ભાવનાને આવકારીએ અને માણીએ. એમના સ્વ. પિતાશ્રી મોહનભાઈ ભકતના ભકતહૃદયી આત્માને સાચા હૃદયનાં શ્રદ્ધાંજલિ સુમન અર્પીએ. આ પ્રાર્થના-ભજન સંગ્રહ એ આવા એક ભારતીય ભકત પરિવારની વિશ્વ-પરિવારને અનમોલ ભેટ છે. તેને ઉમળકાથી આવકારીએ અને આભાર સ્વીકારીએ.

આ સંગ્રહ ઘરમાં રાખનાર અને નિત્ય પ્રાર્થના કરનાર, બાળકોને તે શીખવનાર વડીલજનોને મારી નમ્ર વિનંતી કે અહીં સંગ્રહિત ભજનો, પદો, શ્લોકો, પ્રાર્થનાઓમાં આવતા ઉલ્લેખો, ઘટના સંદર્ભો, પૌરાણિક કે દંતકથાત્મક પાત્રો વગેરેનો ખ્યાલ બાળકોને વાર્તારૂપે સહજતાથી તેમની રસરૂચિ મુજબ કરાવે તો ભજનોનું અર્થઘટન તેમને બરાબર થશે, અન્યથા ભજનો માત્ર પોપટિયું રટણ બની જશે. બાળકનામાં ભય કે અંધશ્રદ્ધા ન પ્રેરતાં તેમને સાચી પૌરાણિક કથાવસ્તુ જણાવવી જોઈએ. જેમ કે ભજનોમાં આવે છે કે-નળ-દમંયતીનું અડધે વસ્ત્રે વનમાં ભ્રમણ, દ્રૌપદી-પાંડવોનો વનવાસ, સીતાહરણ, અહંકારી રાવણનો શિરચ્છેદ, હરિશ્ચંદ્રની સત્યવાદિતા, બાળ પ્રહલાદનું ભકિત સાતત્ય, ભરત-શત્રુઘ્ન દ્વારા માતૃત્યાગ અને રામભકિત, વિભષણની રામભકિત, મીરાંબાઈની કૃષ્ણભકિતની કસોટીઓ વગેરે... ભકિત દઢ કરનારાં આવાં સુંદર ઉદાહરણો અહીં ભજનોમાં ગૂંથાયાં છે. મેં તો તેની માત્ર પંકિતઓનો ભાવાનુવાદ કર્યો છે, પરંતુ ઘણી વિશેષ સમજૂતી વડીલો બાળકોને આપી શકે. જે પદોમાં 'બીટવીન ધ લાઈન્સ' રહેલી હોય છે. આપણે અહીં એ પદોનાં રચયિતા ભકતો, કવિઓ, સંતો- શ્રીમદ્‌ રાજચંદ્ર, કબીર સાહેબ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમળદાસ, પ્રીતમ, નરસિંહરાવ દિવેટીયા, આધુનિક કવિ રવિન્દ્ર

પારેખ- સૌને ભાવથી સ્મરીને તેમનો ઋણ સ્વીકાર કરીએ અને આપણા સંગ્રહમાં તેમની રચનાઓ સમાવ્યા બદલ કૃતકૃત્યતા અનુભવીએ.

બીજું, આ બધી જ કૃતિઓ ગેય પદો છે. ભારતમાં વર્ષોથી ગવાતાં આવેલાં પ્રચલિત ભજનો, ધૂનો, શ્લોકો છે તેથી વડીલો તેમને રાગમાં ઢાળી ગાઈ બતાવે. અથવા કોઈ કોઈ કેસેટમાં ઉપલબ્ધ હોય તો તે સંભળાવે તો ભજનના ભાવની મધુરતા ઓર વધશે. બાળકો પણ તે ગુંજન કરતાં થશે તો પરિવારનું ભાવાવરણ સુંદર બનશે. આ તબક્કે નાનકડી આશા રાખી એ કે શ્રી સુમનભાઈ ભકત જેવા આપણા પ્રકાશક આ સંગ્રહમાં સમાવેલી રચનાઓની ઓડિયો કેસેટ જો તૈયાર કરાવે તો એકસરખા સુંદર રાગ-લયમાં ભજનો, સ્તુતિ વગેરે ઉપલબ્ધ થઈ શકે; તો આ શાબ્દિક વાચન સામગ્રીને સૂરનોયે સથવારો મળે.

પુનઃ, શ્રી સુમનભાઈની બંધુ ત્રિપુટીએ હાથ ધરેલા આ સત્કાર્યને બિરદાવીએ. એમાં એમના મિત્ર શ્રી વિનુભાઈ ખત્રી, વડીલ શ્રી દિલીપભાઈ ભકત, મુદ્રક શ્રી નટુભાઈ પટેલ વગેરેનો સહયોગ ભૂલાય તેમ નથી. આ સહુના પ્રયાસથી જ આપણા દેશ વિદેશોમાં પથરાયેલા ભકત પરિવારોમાં, 'કબીરવાણી'ના વાચકજનોમાં આ પ્રકાશન પહોંચશે, ત્યારે આપ વાચક, ભાવક એમના પ્રયાસને આવકારજો, આપનો પ્રતિભાવ પાઠવશો. એમને આનંદ થશે. કારણ કે સત્કાર્ય કરનાર તો નિરપેક્ષ ભાવે જ તે કરતો હોય છે, પરંતુ તેની જો નોંધ લેવાય, બિરદાવાય કે પ્રતિભાવ મળે તો તેવી ગુણાનુરાગિતા ઉપકારક નીવડતી હોય છે. વળી અમને પણ કંઈક ઊણપો ખૂટતી કડીઓ, ગુણ-દોષો જણાવશો તો કંઈક શીખવા મળશે. અહીં આટલી સૂર સામગ્રી સમાવી છે.- ૨૦ શ્લોકો, ૩ આરતી, ૩ સ્તુતિ, ૪ પ્રાર્થના, ૨૧ ભજનો અને ૧૦ ધૂનો મળી કુલ ૬૧ થાય છે. આપણા પરિવારોમાં આમાંથી જે કાંઈ થઈ શકે તે આપણા પવિત્ર દેવસ્થાન આગળ બેસી શુદ્ધ હૃદયે ગાન કરવા અને એક પવિત્ર ભાવાવરણ રચવા માટેનું આ પ્રકાશન એક નમ્ર સાધન બની રહો. એનો ઉજાસ, ઉષ્માભર્યા પરિવાર અને સંસ્કારી સંતાન રૂપે ફેલાશે તો, એજ એની સાર્થકતા !

૧૨ મે, ૨૦૦૦

-પ્રા. ડૉ. ચૈતન્ય જ. દેસાઈ
આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ
બારડોલી-૩૯૪૬૦૧ ગુજરાત
ફોન. ઘર (૦૨૬૨૨) ૨૪૩૬૪.

# Our Priceless Heritage

Life is a unique and an invaluable gift of God to human beings. Human body or human life is indeed a precious and priceless present. Our arrival, existence, bringing up, maintenance and developement-everything is run and controlled by some influential force behind them. We may identify and call it by any name such as God, Lord, Brahma, supreme soul, creator, super-natural power, deity, nature-whatever...God created human being meticulously and whole-heartedly, by adding a portion of his own elements after the creation of all animate and inanimate objects. So, we, being His supreme creation, should feel indebted to Him and should try to justify the divine efforts, exertion and He has taken. We should strive to be worthy of His image in us and should try to fulfil His aspirations behind our creation. Then, what could be His aspirations and expectations from us? We show deep affection towards our children as they are our creations, we love them very dearly. In the same way, we are the children of God, so think of God's affinity and affection to us ! Thus, the first expectation of God from us is to be lovable and affectionate. At the same time we should be friendly and amicable in our mutual relations. God will be happy to see us, living in harmony and peace. He would not be pleased to find us wasting our lives in quarrels, vices, misery, helplessness and desparity. Qualities like love, pleasure, truth, power and peace are the attributes of God. God will be happy if we gradually inculcate these attributes in us and strive to establish them on earth. What should, actually we do to spread godliness?

People crave for pleasure, love and peace in life; but most of them do not know their true types and how to achieve them, e.g. the pleasure is of two types: The one is real and therefore permanent,

the other is false and hence transitory. The first type of pleasure is beneficial and hence persuasive and the other is harmful, so undersirable. The true or real type of pleasure can be had from virtuous behaviour, service to others, renunciation, devotional music; and hence it is internal and subjective. Other types of pleasure are objective, external and ephemeral. We enjoy to satisfy our senses, upto extremes-say, we like to watch the T.V., film very much, we like to eat some sort of food, we like to purchase costlier things and put on fashionable dresses, we love to have comfortable cars...we did everything, suppose, but what next? Do these things give us pleasure for ever? Upto what extent they will continue to satisfy our senses? Do they 'touch' your 'inner' being? Have we ever asked such a question, that in what way is my inner consciousness, or inner self enriched? Who am I? What is my inner being? What is the meaning and purpose my existence? Try to be consious to such question from within, when we have some leisure and peace of mind. But does an individual really have spare time or peace of mind? Don't you think that most of our time is spent in acquiring the primary needs of our life? Everybody is busy running from dawn to dusk,-a student is worried about his study, exams, degree, result, job-placement etc., a businessman is anxious to expand his business and earn more profit...all are the victims of anxiety, agitation, excitement, agony and distress. The rich or wealthy people do have different types of problems in absence of worries to manage their livehood. They feel the crisis of harmony, scracity of faith and love. Thus, none achieves and enjoys true pleasure, love and peace...

Then, what do we need in life ? Shri Shri Ravi Shankarji says-we need four things:

1. Bhakti (devotion)
2. Mukti (liberation)
3. Shakti (strength)
4. Yukti (tactfulness)

Bhakti and Mukti will help us to make our inner life peaceful, happy and lovable, whereas Shakti and Yukti would accomplish our external life. So, apply Shakti and Yukti to manage your exteriors, and employ Bhakti and Mukti to enrich your interiors ! If our inner

life is enriched with the gratitude to God, love to fellow human beings, inclination to liberation, innocence, and guilelessness, it would lead us to the spiritual strength. And the external affairs of such an individual also would be arranged accordingly and automatically with the grace of God. He does not need to succumb to conspiracy, deceit, cheating, steatling, threatening, injustice, exploitation etc. to be successful in life. One who has acquired Bhakti and Mukti, his inner strength and art of living is automatically saught. We all try in our own way to achieve such a progress, but the progress must not be with material gains, intellectual or worldly pleasures, it should be spiritual progress as well. If we fail to do so, ultimately we shall have to face a void or vacuum in our life. Such an art of living or a way to successful life has already been indicated by our Indian culture! It would certainly lead us to real love, pleasure and peace in our life. If we follow it a bit, it would be a great worship. God has created this very universe and nature for our pleasure-variety of flowers with different smell and colours, lots of fruits having varied tastes, rivers and streams, vegetation, hills and falls, greenary and birds-all are marked with the 'signature' of God. They always give us message of smile, light-heartedness, love and divinity. It is not necessary to abandon one's home and to go to the mountain caves or Aashrams and to perform rites and rituals to please God. The only thing required is pure heart and to perform all our actions with the sense of grattitude to God, and sense of service to humanity. That is true worship or real Bhakti. Vicinity of nature and affinity to God will fill our heart with complete pleasure, and will replace the sense of void with divine virtues. The only question is to feel affinity with God through the medium of nature or 'Satsang'- 'Sankirtan'! Once Abraham Lincon was assured by his soldiers who said,' Don't worry, sir, God is within us ! But Lincon retorted, " It is good, but the question is, how far are we with God ?"

Then, this humble and small publication presents a simple and easy way of 'Sankirtan' (reciting prayers, hymns, bhajans) indicated and practised by saints and devotional poets of our culture, to inculcate affinity with the creator, and to be in tune with our inner voice. It will provide you a noble cause to interact with your own

self, and with God through certain bhajans and prayers. The pain and perspiration of this production will be rewarded, if we feel a bit of urge of creation felt by those poets and saints who have composed these bhajans and prayers at the moment of intense devotion and gratitide towards God. Let us enjoy those holy and melifluous moments of creation at which these melodies might have flown from their hearts, and let's zoom with its tune, let's dip ourselves into the lyrical lake and euphonious emotions of saintly poets, and have a surfing into the sentimental strains of bhajans. It would dilute many of our problems, if we spare ten to fifteen minutes from our so-called busy life, and sit together for family-prayer, instead of facing an idiot-box. Today, such happy and harmonious family sittings, prayers, worships, saintly touch, contact of holy books and temples have been vanishing unnoticably. Therefore, this would give an opportunity to 'know thyself', self-evaluation, contemplation, inner-peepingt etc. The children would form a habit of sitting peacefully and steadily for a while, and it would reflect in their study and behaviour as they are sure to acquire concerntration, steadiness of mind, equiellibrium of thought and passions. Thus, if an individual is improved, his family relations would strengthen and thus automatically, it would help to restore social harmony and national integrity. It unites us with the universe. 'Uni' means one, and 'verse' is a musical, lyrical composition. The entire world is like one lyrical composition. Collective prayer works like a spiritual dynamo, generating divine love spiritual energy and true happiness.

The power of collective prayer is felt and accepted by the US President Richard Nixon, in 1970. He appealed the inhabitants of the globle to pray God to save the lives of three of his austronauts of Appolo 13 on 11 April,1970, when the space shuttle entered into the lunar orbit 3 lakhs k.m. away from earth, and suddenly failed in its machinery. The people of the world prayed for the safe return of James Lovell, John Swaigurt, and Freid Haize. And it worked. Many such examples can be given where prayer was the last resort to relieve from accidents, hazards, bodily pain and disease and ordeals. Prayer could serve as a saviour force, an unseen strength and a rapturous redeemer. The foundation of which could be laid down

well from our family unit, and could be extended to the global family.

Such an indicative publication is in your hands, which has been brought out in the affectionate memory of late father Mohanbhai Govindbhai Bhakta, by his three sons- a brotherly trio- Mr. Kantibhai, Mr. Sumanbhai and Mr. Pravinbhai of Bajipura. It has been made available with the blessing of their mother Shantaben Mohanbhai Bhakta. During my visits and sittings with Mr. Sumanbhai I have witnessed his devotion to his parents, his scrupulous earnestness of heart and his desire to contribute something concrete to the Bhakta community. Let us welcome and enjoy his warmth of devotion and purity of heart. Let us offer our heart- felt and sincere homage to his late father Mohanbhai Bhakta. This collection of prayers and bhajans is an invaluable gift of an Indian Bhakta family to the globle human family. Let us greet and hail this publication with gratitude and enthusiasm.

It is my humble request and suggestion to the elders or parents who would keep this booklet in their home, to acquaint their children with the references, mythological or legendary figures, allutions etc. that have crept into the verses of this collection. Tell them the stories of king Nal and Damyanti, the Pandavas and Draupadi, elopement of Sita, the defeat of egoistic Ravan, truthfulness of Harishchandra, devotion of child-devotee Prahlaad, abandonment of mother by Bharat-Shatrughna, devotion of Vibhishana towards Ram, Meerabai's devotion to Krishna and her ordeals... and so on. These are all very good illustrations to strengthen Bhakti, which should not be misused to forge blind-faith in children. I have only translated the lines of verses here, but many things run 'between the lines' which needs an independent interpretation. Such a special and subjective explanation can be given by the parents to their children according to their mood and understanding. Otherwise their reading and reciting would remain devoid of understanding.

At this juncture let us acknowledge with revernce, composers of these prayers and bhajans- Srimad Rajchandra, Kabir Saheb, Narsinh Mehta, Meerabai, Premaldas, Preetam, Narsinhrao Divetia and modern poet Ravindra Parekh, as we have inculded their poems and prayers in this collection.

Secondly, all the poems and prayers are lyrical that can be sung with sweet music. They have been popularly sung by the singers in India since long. So the elders may recite them with musical notation or get them in audio, video cassettes this would enhance the sweetness of bhajan and the divinity of atmosphere. Children would also learn to sing them by humning. Let us hope at this phase of publication to have a sort of audio casstte which might include such bhajans. And I am sure Mr. Sumanbhai or any other member of our Bhakta community would endeavour to produce a cassette voiced by nice singers. This collection in words, would then, be clubbed with their corresponding tunes.

Once again, we hail this brother-trio and their noble effort. We can't forget their friend, Mr. Vinubhai Khatri, elderly social worker Mr. Dilipbhai Bhakta, printers Mr. Natubhai Patel and Mr. Hasmukhbhai R. Bhakta, the editor of Kabir-Vani with whose joint efforts, this endeavour has been completed and this collection has reached you at last. Kindly welcome the booklet when it reaches your doorstep and also be kind and courteous enough to give your response to it. It would please the publishers when their effort would be rewarded, with your taking note of it. Moreover, it would be useful to know our defects, and strengths and weaknesses.

## The present collection includes

20 psalms, 3 aarti, 3 hymns, 4 prayers, 21 bhajans and 10 dhun- 61 in all. Our Bhakta families would use this material, recite whatever they can at the family prayers, with pure heart and would create a divine ambience. Let it illuminate our family and children with its warmth and light of ' Sanskara'- virtuous behaviour- and create affinity with the Almighty !

**-Dr. Chaitanya J. Desai**
**Arts and Commerce college,**
**Bardoli-394601, Gujarat**
**Phone (R) (02622) 24364**

**10 th June, 2000**

॥ શ્રી રામકબીર સત્ય છે ॥



# સદ્ગુરુ કબીરસાહેબ

ભકિત ભકિત સબ કોઈ કહૈ, ભકિત ન જાને ભેવ;
પૂરણ ભકિત જબ મિલૈ, કૃપા કરે ગુરુદેવ.



સ્વ. મોહનભાઈ ગોવિંદભાઈ ભકત
જન્મ : ૨ ઓકટોબર ૧૯૨૧, દેહવિલય : ૨૯ ડિસેમ્બર ૧૯૯૯



ગં. સ્વ. શાંતાબહેન મોહનભાઈ ભકત
જન્મ : ૫ ઓકટોબર ૧૯૨૨

# પિતૃઋણ

## સ્વ. પિતાશ્રી મોહનભાઈ ગોવિંદજી ભકત

- અમારા જનક, સંસ્કાર ઘડતરના આધાર અને પ્રેમાળ પિતાજી
- ૧૯૨૮ના નાકર સત્યાગ્રહના નીડર સ્વાતંત્ર્ય સેનાની
- રાષ્ટ્રભકત અને અગ્રણી જ્ઞાતિ શુભેચ્છક – સેવક

# માતૃસેવા

## માતૃશ્રી શાંતાબેન મોહનભાઈ ભકત

- અમારાં જનની, જેણે સ્નેહે ઝૂલાવ્યાં પારણે ......
- પરિવારના સંસ્કાર સિંચનનાં સેતુ
- વાત્સલ્યમયી, મમતામૂર્તિ

# અનુક્રમણિકા ❀ INDEX

❀ પ્રકાશકના હૈયેથી
The Reflections of the Publishers

❀ આપણો અમૂલ્ય વારસો
Our Priceless Heritage

* * * શ્લોક વિભાગ * * *

૧. ૐ સહ ના વવતુ ........ 25
Aum saha naa vavtu

૨. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ........ 25
Tvameva mata cha pita tvameva

૩. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ........ 26
Gurur Brahma gurur Vishnuh

૪. કરાગ્રે વસતે લક્ષ્મી ........ 26
Karagre vasate Laxmi

૫. ગંગેચ યમુને ચૈવ ........ 26
Gange ch Yamune chaiv

૬. કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા ........ 27
Kayen vacha manasendriyerva

૭. વસુદેવસુતં દેવમ્ ........ 27
Vasudeva sutam

૮. મૂકં કરોતિ વાચાલં ........ 27
Mukam karoti vachalam

૯. શુભં કરોતિ કલ્યાણમ્ ........ 28
Shubham karoti kalyanam

૧૦. સરસ્વતી નમસ્તુભ્યમ્ ........ 28
Sarswati namastubhyam

૧૧. ૐ અસતો મા સદ્ ગમય ........ 28
Aum asato ma sad gamaya

૧૨. સર્વેત્ર સુખિનઃ સન્તુ ........ 29
Sarveatra sukhinah santu

૧૩. આનંદપૂર્ણે સદાપૂર્ણે ........ 29
Anandpurne sada purne

૧૪. વક્રતુંડ મહાકાય ........ 30
Vakratunda Mahakya
૧૫. ઈશાવાશ્યમ્ ઈદમ્ સર્વમ્ ........ 30
Ishavashyam idam sarvam
૧૬. વિપદો નૈવ વિપદઃ ........ 30
Vipado neiva vipadah
૧૭. કર ચરણ કૃતં વા ........ 31
Kar Charan Krutam vaa.
૧૮. ન ત્વહમ્ કામયે રાજ્યમ્ ........ 31
Na tvamahm kamye rajyam
૧૯. ભજ ગોવિંદમ્ ........ 32
Bhaj Govindam
૨૦. કાલ જાગરમ્ ........ 32
Kaal jagaram

*** * * આરતી વિભાગ * * ***

૧. આરતી હો દેવ શિરોમણિ તેરી ........ 33
Aarti ho dev shiromani teri
૨. શ્રી પદ્‌મનાભ પરિબ્રહ્મ ........ 35
Shree Padmanaabh Paribrahma
૩. ૐ જય જગદીશ હરે ........ 40
Om jaya Jagdeesh hare

*** * * સ્તુતિ વિભાગ * * ***

૧. ઓ ઈશ્વર ભજીએ તને ........ 43
O Ishvar bhajiye tane
૨. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન ........ 47
Shri Ramchandra krupalu bhajmana
૩. મંગલ મૂરતિ મારુતનંદન ........ 49
Mangal murti Marutnandan

*** * * પ્રાર્થના વિભાગ * * ***

૧. બહુ પુણ્ય કેરા પુંજથી ........ 51
Bahu punya kera punja thi
૨. હે પ્રભુ હે પ્રભુ ........ 54
He Prabhu he Prabhu
૩. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ........ 60
Sthitpragna nan lakshano

૪. શ્રીજી બાવા દીનદયાળા ........ 67
Shreeji Baava Dindayala


*** * * ભજન વિભાગ * * ***


૧. શ્રી ગુરુ ને પાયે લાગું ........ 70
Shree Guru ne paaye laagun

૨. કાહેના મંગલ ગાવે ........ 73
Kahe na mangal gaave

૩. બહુત ભલો હૈ ભાઈ અવસર ........ 75
Bahut bhalo hai bhai avasar

૪. જોને વિચારી તું જીવડા ........ 77
Jo ne vichari tun jivda

૫. જા કુલ મેં કોઈ ભકત ન કહાવે ........ 79
Jaa kul mein koi bhakta na kahave

૬. પાની બીચ મીન પીયાસી ........ 81
Paani bich min piyasi

૭. ગુરુ બિન કૌન બતાવે વાટ ........ 83
Guru bin kaun bataave vaat

૮. વૈષ્ણવજન તો તેને ........ 84
Vaishnava jana to tene re kahiye

૯. સુખ દુઃખ મનમાં ન આણીએ ........ 87
sukh dukh maanmaan na aaniye

૧૦. નારાયણનું નામ જ લેતાં ........ 90
Narayannun naam ja letan

૧૧. જૂનું તો થયું રે દેવળ ........ 92
Junun to thayun re deval

૧૨. નહિ રે વિસારું હરિ ........ 94
Nahi re visarun Hari

૧૩. હરિનો મારગ છે શૂરાનો ........ 96
Hari no marag chhe shrurano

૧૪. સંત સમાગમ શું કરે રે ........ 98
Sant samagam shun kare re

૧૫. હરિને ભજતાં હજી કોઈની લાજ ........ 101
Hari ne bhajatan haji koi ni laaj

૧૬. હરિ વગર અંધારું ........ 103
Hari vagar andharun

૧૭. ભગવાન ભરોસે ........ 105
Bhagavan bharose

૧૮. જિંદગીનો શો ભરોસો ........ 107
Jindgi no sho bharoso

૧૯. મારી નાડ તમારે હાથે ........ 108
Mari naad tamare hath

૨૦. મા બાપને ભૂલશો નહિ ........ 110
Maa baap ne bhulsho nahi

૨૧. મંગલ મંદિર ખોલો ........ 113
Mangal mandir kholo


*** ધૂન વિભાગ ***


૧. રઘુપતિ રાઘવ રાજા રામ ........ 116
Raghupati Raghav raja Ram

૨. નહિ યહ તેરા નહિ યહ મેરા ........ 116
Nahi yah tera nahi yah mera

૩. મારું મૂંગાનું વચન ........ 117
Marun maunga nun vachan

૪. એકાદશ વ્રતો ........ 117
Ekadash vrato

૫. રાજય માંગું નહિ ........ 118
Rajya maangun nahi

૬. ટૂંકુ ટચૂકડું નામ ........ 118
Tunku tachukadun naam

૭. હું હરિનો હરિ ........ 119
Hun Hari no Hari

૮. સાચી વાણીમાં શ્રી રામ ........ 119
Saachi vani man shree Ram

૯. શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારિ ........ 120
Shree Krishna Govind hare Murari

૧૦. મુસ્કુરાતે રહો ગુન ગુનાતે રહો ........ 120
Muskurate raho gun gunate raho

# શ્લોક વિભાગ PSALMS (SLOKAS)

❒ Background:

Psalms are the sacred songs or hymns written in three-four lines or couplets. They are compact with meaning and wisdom. They can be sung with musical settings. They precede or succeed the longer prayers. Psalms are also highly devotional in character. We perform most of our actions after singing Psalms.

卐 ૧ 卐

ૐ સહ ના વવતુ સહનૌ ભુનકતુ
સહ વીર્યં કરવાવહૈ, તેજસ્વિ નાવધીમસ્તુ
મા વિદ્વિષાવહૈ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

❀

*Oum saha naa vavtu*
*Sahanau Bhunaktu*
*Saha veeryam karavavahai*
*Tejasvi navadhee tamastu*
*Ma vidvishavahai*
*Oum shanti-h, shanti-h, shanti-h.*

O Lord, we both-the Guru and the disciple- pray thee to protect us. Kindly nourish both of us together. Illuminate our life with spiritual knowledge. O kind God, bless us with brightness of study, and we do not feel jealousy for each other. With this sense we pray for the peace of soul that of society and that of the universe.

卐 ૨ 卐

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્ચસખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવ દેવ.

❀

*Tvameva mata cha pita tvameva*
*Tvameva Bandhu-scha-sakha tvamev,*
*Tvameva vidya dravinam tvameva*
*Tvameva sarvam mama deva deva.*

O Lord, I establish all my relations with you. You are God of all Gods for me. You are alone my mother, father, kinsman, friend and brother. Not only this, but you are the knowledge and you are the wealth, you are everything to me.

卐 3 卐

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્પરંબ્રહ્મ તસ્મૈશ્રી ગુરવે નમઃ ॥**

❀

*Gururbrahma gururvishnuh Gururdevo maheshvarah,*
*Guruhsakshatparam Brahma Tasmai sri gurave namah.*

Guru is Brahma (the creator), Guru is vishnu (sustainer) and Guru is Maheshvara (destroyer). Such a Guru is the manifestation or incanation of supreme Brahma. Therefore, I bow down my head in salutation to the Guru.

卐 ૪ 卐

**કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતી ।**
**કરમધ્યે તુ ગોવિન્દઃ પ્રભાતે કરદર્શનમ્ ॥**

❀

*Karagre vasate Laxmih, Karamule Saraswati,*
*Karmadhye tu Govindah Prabhate Kara Darshanam.*

The goddess Lakshmi resides on the tip of your fingers. Goddess Sarswati dwells on the base of the fingers and in the middle of the palm is Lord Govinda. Thus, all the Goddess and Gods are before you, so look at your palm as you wake up in the morning.

卐 ૫ 卐

**ગંગેચ યમુને ચૈવ, ગોદાવરી, સરસ્વતી,**
**નર્મદે સિંધુ કાવેરી, જલેઅસ્મિન સન્નિધિં કુરૂ.**

❀

*Gange ch Yamune chaiv Godavari, Saraswatee,*
*Narmade, Sindhu, Kaveree, jalesmin sannidhim kuru.*

While taking bath(shower) and making our body purified, this pslam invites the waters of important and holy rivers to us.

O, holy rivers the Ganga, the Yamuna, the Godavari, the Sarswatee, the Narmade, the Sindhu and Kaveree (all are the sacred rivers of India), I earnestly appeal you to come to the water of my bath. ( shower ).

卐 ૬ 卐

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્‌યદ્ સકલં પરસ્મૈ નારાયણોયેતિ સમર્પયામિ ॥

❀

*Kayen vacha manasendriyerva,*
*Budhyatmana va prakruteh swabhavat,*
*Karomi yad, yad sakalam parasmei,*
*Narayanayeti samarpayami.*

યોગી ધ્યાન ધરી જ સંયમ કરી જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈ એ લઈ શકયાં તે દેવને વંદના.

અર્જુન બોલ્યા:

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ કેશવ !
બોલે રહે ફરે કેમ મુનિ જે સ્થિર બુદ્ધિનો ?........૧

શ્રી ભગવાન બોલ્યા:

મનની કામના સર્વે છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.........૨

દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ, ભય, ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો.........૩

આસકત નહિ જે કયાંયે મળ્યે કાંઇ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઇ સ્થિર........૪

કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઇ સ્થિર........૫

નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં તે ટળે પેખતાં પરં.........૬

પ્રયત્નમાં રહે તોયે શાણા એ નર ના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત વેગથી વિષયો ભણી.........૭

યોગથી તે વશે રાખી રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઇ સ્થિર.........૮

વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે..........૯
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે...........૧૦

રાગ ને દ્વેષ છૂટેલી ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા............૧૧

પામ્યો પ્રસન્નતા તેનાં, દુ:ખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર...........૧૨

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાન્તને...........૧૩

ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે...........૧૪

તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઇ સ્થિર............૧૫

નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા............૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે.

જેમાં પ્રવેશે સહુકામ તેમ,
તે શાન્તિ પામે, નહિ કામકામી...............૧૭

છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ,
અહંતા મમતા મૂકે, તે પામે શાન્તિ, ભારત...........૧૮

આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે,
અન્તકાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે...........૧૯

## Evening Prayer

*Jene diva stavo vade stavi rahyaan*
*Sooryagni vaa vaadlaan,*
*Jena mantra puran shaastra bhajano*
*Gaaye Rushi vyaakulan.*
*Yogi dhyaan dhari ja sanyam kari*
*Jeni kare jhankhanaa,*
*Jeno paar na koi lahi shakyan*
*Te dev ne vandanaa.*

*Arjun bolya:*

*Samadhiman sthitapragna*
*Jaannvo kem, Keshav !*
*Bole, rahe, fare kem,*
*Muni je shthir buddhino ? ........1*

*Shree Bhagavaan bolya:*

*Manani kaamna sarve,*
*Chhodine aatmaman ja je*
*Rahe santushta aatmathi,*
*Te sthitapragna jaanvo.........2*

*Dukhe udveg na chitte*
*Sukhoni jhankhana gayee,*
*Gayaa raag - bhay -krodh,*
*Muni te sthir buddhino..........3*

*Aasakta nahi je kyaanye*
*Male kain shubhashubha,*
*Na kare harsha ke dvesha*
*Teni pragna thayee sthira.........4*

*Kachbo jem ango ne,*
*Tem je vishayo thaki*
*Sankele indriyo poorna,*
*Teni pragna thayee sthira.........5*

*Nirahari sharirina,*
*Tale chhe vishyo chhatan*
*Ras rahi jato teman,*
*Te tale pekhtaan param.........6*

*Prayatnaman rahe toye,*
*Shana e nar naa hare*
*Manane indriyo masta,*
*Vegthi vishyo bhani.........7*

*Yogathi te vashe rakhi,*
*Rahevun mat- parayana,*
*Indriyo sanyame jeni,*
*Teni pragna thayee sthira........8*

*Vishayonu rahe dhyana,*
*Teman asakti oopaje*
*Janme aasaktithi kaama*
*Kaamathi krodh neepaje........9*

*Krodhathi moodhta aave*
*Moodhta smrutine hare,*
*Smrutilope buddhi naasha*
*Buddhi naashe vinaasha chhe......10*

Raag ne dvesh chhoteli,
Indriyo vishyo grahe,
Vashendriya sthiratma je
Te paame chhe prasannata........11

Paamye prasanntaa tenan
Dukkho sau naash paamtan,
Paamyo prasanntaa teni
Buddhi sheeghra bane sthira.......12

Ayogine nathi buddhi
Ayogine na bhaavana,
Na bhaavaheenane shanti
Sukh kyanthi ashaant ne ?........13

Indriyo vishye dode
Te punthe je vahe mana,
Dehini te hare buddhi,
Jem vaa naavne jale.........14

Tethi jene badhi reete
Raksheli vishayo thaki,
Indriyo nigrahe raakhi,
Teni pragna thai sthira.........15

Nisha je sarva bhootoni
Teman jagrata sanyami,
Jeman jaage badhan bhooto,
Te gnaani muni ni nishaa........16

Sadaa bharaata achala pratishtha
Samudraman neer badhan praveshe,
Jemaan praveshe sahu kaam tem
Te shaanti paame nahi kaamkaami...17

Chhodi ne kaamna sarve
Fare je nara nispruha,
Ahanta mamata mooke,
Te pame shaanti, Bhaarata !......18

*Aa chhe Brahmadasha ene*
*Paamye na mohaman pade,*
*Anta kale ya te raakhi*
*Brahma - nirvaan melve..........19*

# EVENING PRAYER

: Characteristics of a man of steady wisdom :

ADORATION:

We worship God to be blessed with some goldy qualities. This would enable us to seek pleasure, peace and poise from our wordly life. But we must have a glance at those qualities which we seek for, to be a balanced man with steadfast intellect. If we know once, what we are supposed to be like, then half of our battle is won. Then only we can make progress on our way to spiritual knowledge. Here is the inquisitive dialogue between Arjuna and Lord Krishna.

The adoration-hymn is offered to God, the supreme Lord who has been worshipped by the sun, clouds and fire. The Puranas, holy books and the pained Rishis sing Bhajans and chant Mantras of the God. The Yogis meditate and practice self-restraint and want to achive the supreme bliss. But all such effssorts could not comprehend God, I bow my head before such supreme power.

(1) Arjuna said:

O, Lord Keshav ! what is the description of the man of steady wisdom who is merged in Samadhi ? How does such a balanced-minded man speak, sit and walk ?

(2) When a man completely casts away, O Partha !, all the desires of the mind, satisfied in the self alone by the self, then he is said to be of one the men of steady wisdom.

(3) He, whose mind is not shaken by adversity, who does not hanker after happiness, who has become free from affection, fear and anger, is called the Muni of steady wisdom.

(4) The blessed Lord said :
He, who is not attached anywhere, not pleased or displeased with receiving good or bad, his wisdom is steady.

(5) Just as a tortoise draws in on all its sides limbs, in the same way when this ( person ) can completely withdraws his senses from their objects, his wisdom becomes steady.

(6) The objects fall away from the abstinent man except the longing. But the longing of him after seeing the supreme, ceases.

(7) O son of Kunti, the trubulent senses do violently snatch away the mind of even a wise man striving for the control of senses.

(8) Having restrained them all, he should sit fixed on Me as the supreme. His wisdom is steady whose senses are under control.

(9) Thinking of objects attachment to them is formed in a man; from anger comes delusion.

(10) From delusion comes loss of memory, from loss of memory the ruin of discrimination and from discrimination he perishes.

(11) But the self-controlled man, moving among objects with senses under restrain and free from attraction, aversion, and adversion attains to tranquility.

(12) In tranquility all his sorrow is destroyed. For the intellect of him who is tranquil-minded, is soon established in firmness.

(13) There is no discrimination in such a man whose mind is not harmonised nor for the non-harmonised is there meditation. To the unmeditative there is not peace. And how can one have peace without happiness ?

(14) For the mind which follows the wantering senses, carries away his discrimination as a wind (carries away from its course) a boat on the waters.

(15) Therefore, O mighty-armed ! he whose senses are completely restrained from their objects, his knowledge is steady.

(16) That which is night to all beings in that the self-controlled man wakes. That in which all beings wake, is night to the self-seeing Muni.

(17) As into the ocean which is filled with waters and remains

unmoved flow the waters, even so the Muni into whom enter all desires, attains to peace and the desirer of desires does not.

(18) That man who leaves, abandoning all desires; without longing, without the sense of " I " and without egoism obtains peace.

(19) This is to have one's being in Brahma. O Partha ! None attaining to this, becomes deluded. Being established therein, even at the end of life, the man attains to oneness with Brahma.

卐 ४ 卐

## શ્રીજી બાવા દીનદયાળા

શ્રીજી બાવા દીનદયાળા ભકત તમારો જાણજો,
હરિગુણ ગાતાં દોષ પડે તો સેવા અમારી માનજો..........૧

હું અપરાધી કાંઇ ન સમજયો નામ તમારાં અપાર છે,
આ દાસ ઉપર દયા કરો તો ગુણલાં તમારાં ગાય છે...........૨

ઓ દીનબંધુ, ઓ રે દયાળુ, ઓ રે કૃપાળુ પ્રાર્થના કરું છું કર ગ્રહી,
આ દાસ ઉપર પ્રભુ તમો દયા કરો તો દેજો જન્મ ન ફરી ફરી ભગવાને..........૩

ઓ ગોકુળવાસી, વૈકુંઠવાસી બુધ્ધિ અમારી સુધારજો,
આ જન્મમરણનાં બંધન છૂટે એવી ભકિત અમોને આપજો..........૪

અંત સમે પ્રભુ દયા કરીને દર્શન દેવા આવજો,
આ દાસ ઉપર પ્રભુ તમો દયા કરો તો ચરણકમળમાં રાખજો..........૫

હરિ ૐ હરિ ૐ હરિ ૐ

## Shreeji Baava Deen Dayalaa

*Shreeji Baava Dindayala*
*Bhakta tamaro jaanjo,*
*Hari gun gaataan dosh pade to*
*Seva amaari maanajo....... 1*

*Hun aparaadhi kaain na samajyo*
*Naam tamaran apaar chhe,*

*Aa daas upar daya karo to*
*Gunalan tamaran gaay chhe....... 2*

*O Dinbandhu, O re Dayaalu, O re Krupaalu*
*Prarthanaa karun chhun kargrayi,*
*Aa Daas upar Prabhu tamo daya karo to*
*Dejo janma na fari fari Bhagvaan....... 3*

*O Gokulvaasi Vainkunthvaasi*
*Buddhi amaari sudharjo,*
*Aa janma maran nan bandhan chhute*
*Evi bahakti amone aapjo....... 4*

*Ant same Prabhu daya karine*
*Darshan deva aavjo,*
*Aa Daas upar Prabhu tamo daya karjo to*
*Charankamal maan raakhjo....... 5*

*Hari Oum, Hari Oum, Hari Oum.*

## O, Shreeji, The Merciful Lord

❒ Background:

Bhakti or devotional worship is a matter of total surrender to God. By whatever name we may call God- Krishna, Keshav, Girdhar, Govind, Hari, Mohan, Natvar, Shreeji and so on, the devotee confesses his inferiority, humbleness, innocence and asks for God's forgiveness, grace and kindness. This Bhajan echoes this sense of the devotee.

(1) O, Lord Shreeji, thou are kind and generous ! Consider me as your devotee and forgive us if we commit some error while worshipping you. It would be my services to you, kindly accept it.

(2) I am culpable, and could not understand your various names. So if you forgive me and show kindness to me, I would rejoice your qualities.

(3) O, kind, graceful Lord. I bow my head and clasp my hands in prayer. If you show mercy on your slave like me, please save me from the cycle of birth and death; liberate my soul from this cycle.

(4) O Lord Krishna, the dweller of Gokul and Vaikuntha, please illuminate and refine our intetlect and preach us such a devotion that would enable us to get ourselves liberated from the recurrent bondages of life and death.

(5) O, merciful Lord, kindly come to give me your 'Darshana' at the last moment of my life. I have been your servent, so if you show mercy, please let me be at your feet.

❀

# ભજન વિભાગ BHAJAN SECTION

## ગોડીનાં પદો

### ૐ પદ-૧ ૐ

કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુરુનું અને ત્યાર પછી ગણેશનું સ્મરણ કરવાનો રિવાજ છે. આ રીતનું સ્મરણ તે વંદન કરવાનો સૂક્ષ્મ પ્રકાર છે.
ગુરુ સામે બેઠા હોય અને દંડવત પ્રણામ કરવામાં આવે, તે વંદનનો સ્થૂળ પ્રકાર છે.
બંને પ્રકારનાં વંદાનનો મહિમા મોટો છે. ગુરુ માટે શ્રદ્ધા અને પ્રેમ હોય તો જ વંદન ફળે. નહીતર વંદન વ્યર્થ છે. ગુરુ માટે પ્રેમ અને શ્રદ્ધા હોય તો જ ગુરુ શિષ્ય પર કૃપા કરે છે. ગુરુ કૃપા વિના મન નિર્મળ થાય નહીં, તથા નિર્મળ મન વિના આત્મકલ્યાણ થાય નહીં. આ પદમાં આ વાત સમજાવાઈ છે.

## Godi's verses
### Poem:1

❒ Background:

It is a good traditional of our Indian culture, to remember or to be mindful of the name of the Guru first, and then that of Lord Ganesha-the God of well being and prosperity before we begin any activity. It is a subtle or spiritual type of homage or memorizing. The material or physical type of bow would be to touch the Guru's feet by lying prostrate on the ground.

Bows-both subtle (inner) and material (outer), carry great significance. If they are done with deep faith and ardour for Guru, it is sure to be fruitful, otherwise it will go in vain. Only a sincere bow begets Guru's blessings and grace. And only with such blessings our mind gets purified, and a pure mind only can lead to salvation or liberation of the self. And this Godi poem explains this importance of Guru very well.

**શ્રીગુરુને પાયે લાગું, પહેલા વહેલા, શ્રીગુરુને પાયે લાગું,**
**કૃપા કરો તો કૃષ્ણસેવા કરું, બીજું હું કાંઈ ન માંગું.......૧**

**દિયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,**
**ત્રિવિધ તાપ, મત્સર, મોહ મમતા- વિકાર સઘળો જાય.......૨**

**ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,**
**ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ.......૩**

વેદ પુરાણ ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢવિશ્વાસ,
શ્રીગુરુ નારાયણ તેને વૈષ્ણવદાસ.......૪

❀

*Shree Gurune paaye laagun, pahela vahela,*
*Shree Gurune paaye laagun*
*Krupa karo to Krishna seva karun,*
*Beejun hun kaai na maagun......1*

*Diyo updesh sada sukhakari,*
*Jo man nirmal thaaye,*
*Trividh taap, matsar, moh, mamata,*
*Vikaar saghalo jaaye......2*

*Guru darshan no mahima moto,*
*Jaane sant sujaan*
*Bhaav dhari Guru seva karshe,*
*Paame pada nirvaan......3*

*Ved Puran Bhaagwat bole,*
*Jene hoye gurujino drudh vishvas,*
*Shree Guru Narayan tene malshe,*
*Kahe jan Vaishnav Daas......4*

(1) The glory and greatness of the Guru is sung in this verse. I bow to the feet of Guru, first and foremost. I submit my humble prayer to the Guru. I ask for the Guru's favour to enable me to serve Lord Krishna. I don't ask for anything else.

(2) I also earnestly request you to give me some preaching which may always make me happy and purify my heart. And if my mind is poised, I will be able to stand balanced amidst three types of anguish or sorrows ( trividha taap ), delusion of mind (moha ), tender feelings or attachment ( mamta ), pride and jealousy ( matsar ). O ! Guru, all such disorders and passion (vikar) would go away, if I listen to your preaching.

(3) The glory or significance of the Darshan of Guru is also very great, which is known by the knowledgeable saints. So they would serve the Guru with devotion and attain the Nirvana-

liberation and eternal peace.

(4) It is said in our holy books like the Veda, the Purana, the Bhagwata that whoever has the firm faith in the Guru, would ultimately find the Narayana ( God ). This is nicely said by the poet Vaishnavadasa in this religious song.

## 卐 પદ-૨ 卐

**બ્રહ્મ નિર્ગુણ છે, છતાં કેટલીક વાર તે સગુણ રૂપ ધરે છે. જેથી માનવો તે જોઈ શકે. સગુણ રૂપ તે મનુષ્ય અવતાર.**

**જે બ્રહ્મને જ્ઞાની ઋષિમુનિઓ પામી શકતા નથી તે મનુષ્ય અવતારમાં માતાની કૂખે જન્મ લે, અને મનુષ્ય બની સ્થૂળ વસ્તુઓમાં મહાલે છે તે હકીકત રોમાંચકારી છે. શ્રીકૃષ્ણ પરમબ્રહ્મનું એવું જ એક સ્વરૂપ છે. આ પદમાં એમની પાલક માતા જશોદાના એ આનંદની વાત છે.**

## Poem-2

❒ Background:

Brahma is the creative force behind this universe. It cannot be perceived- seen, heard, felt or experienced- by senses. So Brahma is without any attributes or properties. However, sometimes it manifests itself in perceivable forms like a human being. We call this human form of the supreme power Brahma, as 'AVATAAR'.

Shri Krishna is such an Avataar, as he took the humans form. He plays in the lap of his adopted mother Jashoda (જશોદા મૈયાં) and does all child- like fun and games. This very sight is highly inspiring and a source of happiness for many poets, who have composed Bhajans in worship of Lord Krishna. Kabirji was one among them.

Here in this poem he felicitates and rejoices the angelic union of Jashoda and Krishna. Kabirji describes with various illustrations, how fortunate Jashoda was, that the God of the whole universe has come to her as a child, a toddler, in the physical form; otherwise he has remained unattainable to great saints and rishis. The supreme power is beyond the understanding of the wisest of the most learned. The following Bhajan celebrates the pleasure of Jashoda as a lucky mother :-

કાહે ન મંગલ ગાવે, જશોદા મૈયા,
કાહે ન મંગલ ગાવે,
પૂરણ બ્રહ્મ અખંડ અવિનાશી
સો તેરી ઘેનુ ચરાવે.......૧

કોટિ કોટિ બ્રહ્માંડ કે કર્તા,
જપ તપ ધ્યાન ન આવે,
ના જાનું યે કૌનસે પુન્યસે
તાકો ગોદ ખિલાવે.......૨

બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર,
નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ત્રમુખે જપત નિરંતર
સો તાકો પાર ન પાવે.......૩

સુંદર વદન કમલદલ લોચન,
ગૌઘેનુ કે સંગ આવે,
આરતી કરત જશોદા મૈયા
કબીરજી દર્શન પાવે.......૪

❀

*Kahe na mangal gaave, Jashoda maiya,*
*Kahe na mangal gaave*
*Pooran Brahma akhand Avinaashi,*
*So teri dhenu charave.......1*

*Koti koti Brahmand ke karta,*
*Jap tap dhyan na aave,*
*Na jaanun ye kaun se punyase,*
*Taako god khilave.......2*

*Brahmadik Indradik Shankar,*
*Nigam neti kari gaave*
*Shesh sahasramukhe japat nirantar,*
*So tako paar na pave.......3*

*Sunder vadan kamaldal lochan,*
*Guadhenu ke sang aave,*
*Aarti karat Jashoda maiya,*
*Kabirji darshan paave.......4*

(1) Kabirji says, Mother Jashoda, why not to rejoice the festivity of this auspicious scene (that Lord Krishna- the creator of the whole universe- has become your child !) He grazes your cow; though originally he is the complete, undivided, immortal, imperishable Lord Brahma.

(2) He is the creator of thousands and thounsands of worlds and yet remains invisible, even one tries to see or perceive him by meditation, muttering the mantra (Japa) (sacred formula or name of God), and control of senses or religious austerity (tapa). I do not know by which of your meritorious righteous and holy deeds (punya) that the Lord plays in your lap and•amuses you.

(3) Even other Lords like Brahma, Shankara, Indra and the scriptures, Vedas describe him as - 'no, not that, that is not enough' (Neti). This means that God is not definable and even unfathomable. He remains unattainable by Lord Shesha even by his constant muttering with thousands of tongues.

(4) Lord Krishna, in his form of a cowboy comes in the evening with the herd of cows. His face is fascinating, handsome, his eyes are like the petals of lotus. Mother Jashoda performs aarti of such a charismatic Krishna; and Kabirji gets the Darshana of such a pious scene.

### ࿕ પદ-3 ࿕

**મનુષ્ય જન્મ એક સોનેરી તક છે. વૃદ્ધાવસ્થા આવે તે પહેલાં સંત સંગત કરી પરમસુખ સાધી લેવું જોઈએ. અભિમાનથી અંધ બનેલા જીવને કબીરસાહેબ ચેતવણી આપે છે અને મનુષ્ય જન્મની સોનેરી તક ઝડપી લેવા જેવી છે, કારણ કે બીજી વાર મનુષ્ય જન્મ મળવો અઘરો છે.**

## Poem - 3

❒ Background:

We have been born as a human being, which is very rare and sacred. We also honour all life forms. Each living being gets reborn in a higher life form in the successive births. We have got our human form after a long journey of our soul. So it is highly precious and valuable. It's the only and rare opportunity to do good things

and attain emancipation. One should follow the noble path, the company and preaching of saints and thus achieve supreme bliss, before the old age. Kabir saheb warns that one gets human life only once, and hence it should not be wasted in vices and vanity. There is no second chance. Our human life is like an over-ripe fruit, which falls on the ground and never gets a second chance to cling to the tree again. Kabir advises to make best use of the golden opportunity we've got as a human being.

બહુત ભલો હૈ ભાઈ અવસર,
બહુત ભલો હૈ ભાઈ
મનષા દેહ દેવતાકો દુર્લભ,
સો દેહી તેં પાઈ.......૧
તજ પાખંડ અવિદ્યા પરપંચ,
છોડ ગુમાન બડાઈ
માત તાત સ્વારથકે લોભી
માયા જાલ બંધાઈ.......૨
જબ લગ જરા નિકટ નહીં તેરે,
લે ગુરુ જ્ઞાન બધાઈ
સંત સંગત મિલી ભજો ભગવંતા,
સોહી સકલ સુખદાઈ.......૩
કહું પોકાર ચેત નર અંધે,
યહ તન એળે ગુમાઈ
કહે કબીર દેહી કાંચકો કૂંપો,
બિનસત બેર ન લાઈ.......૪

❀

*Bahut bhalo hai bhai avasar,*
*Bahut bhalo hai bhai*
*Manasha deh devatako durlabh,*
*So dehi ten paaye.......1*
*Taj pakhand avidya parpanch,*
*Chhod guman badayee*
*Maat, taat swarth ke lobhi,*
*Maya jaal bandhayee.......2*

*Jab lag jara nikat nahin tere,*
*Le guru gyaan badhaayee*
*Sant sangat mili bhajo Bhaagvanta,*
*Sohi sakal sukhdayee.......3*

*Kahun pokar chet nar andhe,*
*Yeh tan ele gumayee*
*Kahe Kabir dehi kachko kumpo,*
*Bin sat ber na layee.......4*

(1) It is a very fine opportunity that we have got our birth as a human being, which is rare even to the Gods.

(2) So to make our existence as a human being meaningful and fruitful, we should get rid of hypocricy or false pretenc (Pakhand) ignorance (avidya) deceit (prapanch) ego, pride and arrogance (guman) boasting(badai) and vanity. You may also find some greed and selfishness in your parents, as they have engulfed you with ' Maya'- the wordly illusive ties.

(3) So, this is the very time when the old age is not near you, you should pay heed to the preaching and knowledge given to you by the Guru. Be in the company of saints or religious-minded persons and worship God. It would confer upon you all the happiness and pleasures of the world.

(4) Kabirji, the composer of this Bhajan warns a soul by saying him blind, not to mishandle this human birth. This body is like a well of glass, which is highly fragile and hence very short-lived, ephemeral.

卐 ભજન-૪ 卐

## જો ને વિચારી તું જીવડા

## Ponder deeply on thine existence

**પદ સરળ છે અને ઉપદેશ સચોટ છે. સાચો સંબંધી આ જગતમાં કોણ ? જે આત્મદર્શન કરાવી શકે તે સાચો સંબંધી. કુટુંબીઓ કે અન્ય સગાં નહીં, સદ્‌ગુરુ જ સાચો સંબંધી અને સંગાથી.**

જોને વિચારી તું જીવડા, શા સુખમાં મોહી રહ્યો જી.....ટેક૦

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલા જાવું જી
વચમેં સંબંધ શા કામના માયાજાળમેં બંધાયો જી.....૧

મારું મારું શું કરી રહ્યો, નહીં મળે તાહરું આ તન જી
જૂઠા રે પુત્રને પ્રેમદા, જૂઠો ભવનો ભંડાર જી.....૨

ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઇ હાથે વપરાય જી
અંત સમે સહુ મેલી જશે, પલમેં થશે રે પરાયો જી.....૩

જમ રે જોરાવર લઇ જશે, મેલશે ચોર્યાશીમેં ઠેલી જી
દારુણ દુઃખ જન્મ મરણનું ત્યાં કોણ તારો બેલી જી.....૪

સાચું સગપણ હરિગુરુ સંતનું જીવને જાલમાંથી કાઢે જી
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવે જી.....૫

માની શકે તો તું માનજે લેવો મનષાનો લહાવો જી
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવ જી.....૬

❀

*Jo ne vichari tun jivda,*
*Shaa sukhman mohi rahyo jee..Repeat*

*Aavyo tyaare tun eklo, jaatan ekla jaavun jee*
*Vachmain sambabndh shaa kaamna, maaya jaalmein bandhayjee..1*

*Maarun maarun shun kari rahyo, nahi male taahrun aa tan jee*
*Jootha re putra ne premdaa, jootho bhavno bhandaar jee..2*

*Dhan re malyano dharma e ja chhe, je kaain haathe vaparaay jee*
*Anta same sahu meli jashe, palmain thashe re paraayo jee..3*

*Jam re joravar layee jashe, melshe choryasi men theli jee*
*daroon dukh janma marannu, tyan kon taaro belee jee..4*

*Saachun sagpan Hari guru santnu, jeevne jaalmanthi kaadhe jee*
*Sukh re aapine dukh door kare, pari Brahmane bhetaave jee..5*

*Maani shake to tun maanje, levo manshano lahavo jee*
*Daas Kabir sachu kahe, fari nahin male aavo daav jee..6*

## Ponder Deeply On Thine Existence

❐ Background:

The poet advises us to think over a very common thing- who is our real relative in this world ? - parents, brother, sister, friends ? Nobody ! They would not help us to lead to self-realization. If someone can do so, it would be good. But our relatives and friends would drag us to the circle of fascination, lust or Maya. Therefore, he is the real pal who shows us the way to self-liberation, emancipation or Moksha.

(1) The poet asks the person, who possesses the body (Jiva) to think over a very simple matter- you are basically a Lordly creature, when you arrived on this earth, you were born alone. When you would leave this world, you would go alone! Then, what are the uses of these relation in between (during birth anddeath) ? you have been bound by various relations and bondages. Then, why to feel fascination or a fake happiness of such relations?

(2) You say, " This thing is mine, that thing is mine." But in fact, your body is also not yours. Then, how can anyother physical possessions be yours ? Your wife, beloved, son, the entire relationships of this birth are fake and unreal.

(3) If you have accumulated wealth the duty of yours is to use it for the upliftment of the poor, the down-trodden; as you are not going to take anything with you, and within a moment your existence would be vanished and you would become a stranger. All your relations, wealth, riches would come to an end at a stroke (of death).

(4) On the last day, Yama or Jama (the God of death) would sieze you away and push you to the endless circle of 84 lakha of births; and nobody would be your ally or supporter in that world. (so it would be better if you think from today and try to librate youself from the bondages of life and death, while you're alive).

(5) The true relationship is that of Hari, Guru or a saint, who rescues a person from the bondage, makes you feel real happiness by removing your agonies and anxieties. And ultimately arranges our meeting with the entire complete Brahma.

(6) Lord Kabir truly says that, this precious and rare human birth will not be repeated of you believe me, take advantage of this birth as a human being, if you can !

卐 ભજન-૫ 卐

## જા કુલમેં કોઈ

## Why have you not been born a devotee ?

'બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે ' એ ભગવાન શંકરાચાર્યનું વચન ચરિતાર્થ કરવા માટે પ્રયત્ન ન કરે તે ભારતીય કહેવડાવવાને લાયક નથી. જગત તે માયાનું પરિણામ છે. તેથી જગત તરફની દષ્ટિથી માયાજાળ વધતી જાય છે. અન્તર્મુખતા કેળવાય તો જ આત્મકલ્યાણ સાધી શકાય અને મુકિત મળે.

જા કુલમેં કોઈ ભકત ન કહાવે કુલકો કહાં લજાવે ?
ગર્ભસહિત ઉનકી માતા કયોં ન મર ગઈ ઐસા બેટા ન આવે.......ટેક૦

જોરુ લડકા સબે મિલિને માયામાં લપટાવે
પાની વલોને સે મખ્ખન નહીં આવે તત્ત્વ કહાંસે પાવે.......૧

બાહર ઊજલા ભીતર મૈલા ઘના સ્વાદે ગાવે
પ્રીત બિનુ પાનો નહીં આવે મલી મલીવાછુર ધાવૈ.......૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે કોટી ઘજ્જ કહાવે
જો દીપકમેં જલે પતંગા ઐસે આપ જલાવે.......૩

સંત સંગતમેં પલ નહીં આવૈ જમકા દોર્યા જાવે
કહે કબીર સુનો ભાઈ સાધો, ફીર ચોર્યાસી પાવૈ.......૪

❀

*Jaa kul mein koi bhakta na kahave,*
*kulko kaha lajaave ?*
*Garbha sahit unki maata*
*kyon na mar gayee, aisa beta naa ave......Rep.*

*Joru ladka sabe miline maaya maan laptave*
*Paani valonese makhan nahi aave tattva kahanse paave?......1*

*Baahar ujlaa, bheetar maila, ghana svade gaave*
*Preet binu pano nahin aave mili mili vaachhrudhave......2*

*Chhitthi patri bahut chalaave koti dhajj kahave*
*Jo deepakmen jale patanga aise aap jalaave......3*

*Sant sangatmen pal nahin aave jamka dorya jaave*
*Kahe Kabir suno bhaai saadho fir choryasi paave......4*

## (5) Why have you not been born a devotee ?

❒ Background:

Lord Shankaracharya has rightly said that Brahma (the supreme power behind the universe) is the only reality; everything else we see or perceive is nothing but an illusion. The world is full of material things, we feel proud to own them. But it creates a type of bondage. In the same way human relationships and the resulting attachments also are the chains that one winds around oneself. Therefore, if someone turns within oneself to know his inner world, he would definitely develop his path to self realization. Lord Christ has also said " Know Theyself ". This knowledge would ultimately liberate us.

(1) A family should feel shame, in which no devotee or righteous man has ever been born. If a woman cannot deliever such a child, she should have died during pragnency.
Wife, son and other family relationships entangle a person into Maya (illusion). If one goes on churning water, there would be no hope for butter. Thus, the real or ultimate spirit cannot be achieved with superficial or wrong efforts.

(2) The material world is glittering and alluring from outside, but it is black from within. A calf could suck milk from the cow if there is love between them, otherwise the cow would not let her milk flow for the calf.

(3) He who wants to rise higher in society, would employ all the

means to achieve his goal. He would be known as a social climber with prestige. But without real dedication, like that of a butterfly to a lamp, his prestige would have no sense without service. He must have unconditional love for society and the weaker sections. Greatness is achieved only with dedicated service.

(4) Kabirji appeals the noble man to listen to what he says: he who does not attend satsang of saints (discourse of spiritual knowledge) even for a moment, would be led by Jama (the God of death) into the 84 lakhs of circles of birth and death.

卐 ભજન-૬ 卐

## પાની બીચ મીન પિયાસી

## Water water everywhere and not a drop to drink !

❒ Background:

The title of this Bhajan is strange and ironical. How can a fish be thirsty amidst water ? In this symolic Bhajan Kabirji says that our soul is like a fish and our wordly relations and possessions are like water. Kabirji himself laughs that, how can a soul remain dissatisfied amidst all the wordly pleasures and properties ? If it is so, then it must be an elavated soul. It must have the craving to exalt. The real source of happiness is within us, and we wander in the outer world to find pleasure and prosperity. If we try sincerely and wisely, search for the God would be very easy. The knowledge of self or one's own soul is the basic thing, everything without which is meaningless.

**પાની બીચ મીન પિયાસી,**
**મોહે સુની સુની આવત હાંસી રે..... પાની બીચ.**

*Paani bich min piyasi,*
*Mohe suni suni aavat haansi re.... paani.*

The fish is thisty amidst water. This fact makes me laugh.

આતમ જ્ઞાન બિના નર ભટકે,
ક્યા મથુરા, ક્યા કાશી
ઘરમેં વસ્તુ ધરી નહિ સૂઝે,
બાહર ખોજ ન જાશી રે... પાની બીચ

*Aatam gnan bina nar bhatke,*
*Kya Mathura kya Kashi*
*Ghar mein vastu dhari nahi suze,*
*Bahar khoj na jaashi re... paani bich.*

Man is wandering without the real knowledge of self. Then, what is there, in going to pilgrim places like Mathura and Kaashi ? He does not recognize a thing if presented in his house, and he tries to find it outside. This exercise is futile.

મૃગ કી નાભિ માંહી કસ્તૂરી,
બન બન ફિરત ઉદાસી
કહત કબીર સુનો ભાઇ સાધો,
સહજ મિલે અવિનાશી રે.... પાની બીચ

*Mrug ki naabhi maahi kasturi,*
*Ban ban phirat udasi,*
*Kahat Kabir suno bhai saadho,*
*Sahaj mile avinaashi re... paani bich.*

A musk-deer, unaware of the source of fragrance which is there in his naval, runs wildly around the forest in search of the fragrance. So Lord Kabir says to the courteous persons to listen to him that the attainment of God (Avinaashi) is very simple. The only thing is that you have to understand your soul, your being ! 'know Theyself'!

卐 ભજન-૭ 卐

## ગુરુ બિન કૌન બતાવે વાટ ?

## Who'll be the trail-blazer except the seer ?

❐ Background:

The significance of the Guru,- the trailblazer, the pathfinder,

the guide especially on the spiritual way, is emphasized here. Our teacher guides us in school, and gives us knowledge of various subjects. He shows us the path of progress. Our parents are also our Guru. But suppose, there is no Guru or guide, or guardian to inspire you, how would you proceed to progress ? In the spiritual plane, there are many illusions and confusions. An ideal and experienced Guru only can lead you properly. He would warn you against the dangers of the path and show you precautions to be taken. Let's go through this Bhajan of Kabir Saheb with this understanding.

**ગુરુ બિન કૌન બતાવે વાટ**
**બડા વિકટ યમ ઘાટ... ગુરુ બિન.**

*Guru bin kaun bataave vaat*
*Badaa vikat yam ghaat... Guru bina.*

Who will show the path without the seer or Guru ? Our life is like an inaccessible or difficult path, i.e. Yam-ghaat- bank of a river or a mountain pass of the God of death.

**ભ્રાંતિ કી પહાડી નદિયાં બીચમેં,**
**અહંકાર કી લાટ... ગુરુ બિન.**

*Bhranti ki pahadi, nadiya bichme,*
*Ahankaar ki laat ... Guru bina.*

There are mountain-ranges and streams of illusion on the way (to the Lord). Moreover, our ego is the most difficult hurdle on the spiritual way... ( who will solve all these without Guru ?)

**કામ - ક્રોધ દો પર્વત ઠાઢે,**
**લોભ - ચોર સંઘાત,**
**મદ મત્સર કા મેહ બરસત,**
**માયા પવન બેહ દાટ... ગુરુ બિન.**

*Kaam-krodh do parvat thadhe,*
*Lobh -chor sanghat,*
*Mad-matsar ka meh barasat,*
*Maya pawan bahe daat... Guru bina.*

There are six enemies within us. Kabirji explains them with

symbols. Lust and anger (kaam-krodh) are like two hard mountains, greed (lobh) is like a thief, who is with us. Pride and jealousy (mad-matsar) are showering like rain, and illusion (maya) is blowing like a wind. Such is our journey, (who will show the right track without a Guru ?)

કહત કબીર સુનો ભાઈ સાધો,
ક્યોં તરના યહ ઘાટ... ગુરુ બિન.

*Kahat Kabir suno bhai saadho,*
*Kyon tarana yah ghaat... Guru bina.*

Kabir Saheb says to the wisemen, to listen to him, that why and how to pass through such a hard, terrible region ? The Guru can create an understanding and efficiency in us to walk on this path of spirituality.

## ભજન-૮

## વૈષ્ણવજન

વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોયે
મન અભિમાન ન આણે રે....... વૈષ્ણવજન....૧

સકળલોકમાં સહુને વન્દે
નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્છલ રાખે
ધન ધન જનની તેની રે....... વૈષ્વવજન....૨

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી
પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવ ઝાલે હાથ રે....... વૈષ્ણવજન....૩

મોહ માયા વ્યાપે નહીં જેને
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાલી રે લાગી
સકળ તીરથ તેના તનમાં રે....... વૈષ્ણવજન....૪

વણ લોભી ને કપટરહિત છે
કામ ક્રોધ નિવાર્યાં રે,
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં
કુળ ઈકોતેર તાર્યાં રે...... વૈષ્ણવજન....૫

❀

## Vaishanavajana

*Vaishnava jana to tene re kahiye*
*Je peed parayee jaane re,*
*para dukkhe upakar kare toye*
*Mana abhimaan na aane re.... Vaishnavajana. 1*

*Sakal lok man sahune vande*
*Ninda na kare keni re*
*Vaach kaach man nischal raakhe*
*Dhana dhana janani teni re.... Vaishnavajana. 2*

*Sama drushti ne trushna tyaagi*
*Parastree jene maat re*
*Jihvaa thaki asatya na bole*
*Par dhan nav jhaale haath re.... Vaishnavajana. 3*

*Moh maya vyape nahin jene*
*Drudh vairaagya jena manman re*
*Raam naam shun taali re laagi*
*Sakal teerath tena tanman re.... Vaishnavajana. 4*

*Vana lobhi ne kapat rahit chhe*
*Kaam krodh nivaryan re*
*Bhane Narsainyo tenu darshan karatan*
*Kool ikoter taaryaan re.... Vaishnavajana. 5*

## A Righteous Entity
## or
## A True Saintly Figure

❐ Background:

Here is a famous Bhajan by Narsinh Mehta. It was the most favourite one of Mahatma Gandhiji, who used to sing it daily at the

Ashram Prayers. The poet has enlisted all the virtues or good qualities that a true saintly man must possess. If one tries to attain them, though it is not so easy, one can become a righteous entity, a saintly figure. And if such a 'Vaishnavajana' is seen, his 'darshana' would make one's family illustrious.

(1) He can be called a true saintly man, who knows the agony, pain, trouble or sorrows (pida) of others. And who does not cherish ego and proud (abhimaan) even if he does some obliging help (upkaar) to the troubled souls.

(2) He bows to all in a crowd and utter no slander or censure about anybody (ninda). In any circumstances, however they may be, he doesn't lose control over his mind, speech and action. The mother of such a pearson with balanced mind, must be fortunate and blessed one.

(3) There is equanimity and indifference in his vision (samdrashti) and absences of lustful desires (trushna). The austerity of his heart enables him to consider other women as his mother. He never tells a lie, nor does he touch somebody's money or wealth.

(4) He remains unperturbed by any illusive fascination or infat uation (moha), as he is very much firm in his indifference or aversion to wordly pleasures (vairagya). He is a true worshiper of Lord Rama, who mutters his name all the time, and all the pilgrim places (tirtha) are said to be in his body, so he need not go to the pilgrimage. Such is a true man of God.

(5) He is devoid of greed and deceit (kapat-rahit). He is free from anger and lust. The poet Narsinh Mehta says, if such a true Vaishnav- saintly man is seen somewhere, your seventy one families would get illustrious, or highly distinguished and exalted.

## ㊊ ભજન-૯ ㊊

## સુખદુ:ખ મનમાં ન આણીએ

સુખદુ:ખ મનમાં ન આણીએ
ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે
રઘુનાથનાં જડિયાં....... સુખ૦ ૧

નળરાજા સરખો નર નહીં
જેની દમયંતી રાણી,
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં
ન મળ્યાં અન્ન કે પાણી....... સુખ૦ ૨

પાંચ પાંડવ સરખા બંધવા
જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં
નયણે નિંદ્રા ન આણી....... સુખ૦ ૩

સીતા સરખી સતી નહીં
જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો
સતી મહાદુ:ખ પામી....... સુખ૦ ૪

રાવણ સરખો રાજિયો
જેની મંદોદરી રાણી,
દસ મસ્તક છેદાઈ ગયાં
બધી લંકા લુટાણી....... સુખ૦ ૫

હરિશ્ચન્દ્ર રાજા સતવાદિયો
જેની તારામતી રાણી,
તેને વિપત્તિ બહુ પડી
ભર્યાં નીચ ઘેર પાણી....... સુખ૦ ૬

સર્વ કોઈને જ્યારે ભીડ પડી
સમર્યા અંતર્યામી
ભાવટ ભાંગી ભૂધરે
મહેતા નરસૈંના સ્વામી....... સુખ૦ ૭

❀

## Sukh dukh man maan na aaniye

*Sukh dukh mananman na aaniye*
*Ghata saathe re ghadiyan*
*Taalyaan te koi nan nava tale*
*Raghunaathnan jadiyan.......Sukh 1*

*Nala raajaa sarakho nar nahin*
*Jene Damayanti raani,*
*Adadhe vastre vanaman bhamyan*
*Na malyaan anna ke paani.......Sukh 2*

*Paanch Pandav sarakha bandhavaa*
*Jeni Draupadi raani,*
*Baar varasa vana bhogavyan*
*Nayane nidra na aani.......Sukh 3*

*Seeta sarakhi sati nahin*
*Jena Raamji swami,*
*Raavan tene hari gayo*
*Sati maha dukh paami.......Sukh 4*

*Raavan sarakho raajiyo*
*Jeni Mandodari raani,*
*Das mastak chhedai gayan*
*Badhi lanka lootani.......Sukh 5*

*Harishchandra raaja satvadiyo*
*Jeni Taramati raani,*
*Tene vipatti bahu padi*
*Bharyan nich gher pani.......Sukh 6*

*Sarva koine jyaare bhid padi*
*Samarya Antaryaami,*
*Bhavat bhaangi bhoodhre*
*Mehta Narsaina swaami.......Sukh 7*

## Bear Thy Woes Patiently.

❒ Background:

Here in this Bhajan Narsinh Mehta advises us not to attend to happiness or unhappiness seriously. They are inevitably attached to us since we have been born as a living being. It is the wisdom of our Indian culture to train our mind for any circumstances favourable or unfavourable, and still not to be attached to any of them. This is the way to be happy and balanced in life. The poet has explained this philosophy with various illustrations from Indian mythology and religion. Various instances of the Kings and Queens or great persons-are given, who had to suffer at the hands of destiny. However powerful or virtuous they were, they could not avert their miseries and pains inflicted upon them by their fate. We are the common men, we should not get disturbed by pains or sorrows; and should not be overjoyed or arrogant amidst luxury. Equanimity of mind is essential in both the situations tragic and traumatic, or jocund and jolly.

(1) One should not be mindful of happiness or unhappiness, as they have been inseparably attached to the body by God. Rama or Raghunath, None can remove them or get rid of them.

(2) Once upon a time there was a King named Nala and his wife Damayanti. They wandered in the dense forest with half of a cloth over their bodies, and could not get water or food.

(3) The Pandavas were five royal brothers and Draupadi was their queen in common. Though they belonged to the royal family, they passed twelve years hidingly and sleeplessly in the forest.

(4) Sita, the wife of Lord Rama, was a very faithful and virtuous lady. But still, Ravana of Sri Lanka, kidnapped her and the great noble lady was put to serve suffering.

(5) Ravana, the mighty and passionate king of Sri Lanka, had Mandodari as his wife. His ten proud heads got pierced and fallen to ground. His Kingdom also got looted, ruined and perished.

(6) Harishchandra was a great truthful king. He was believed to be the insignia of truthfulness. Taramati was his wife. Though he was the staunch practitioner of truth, the couple passed through severe ordeal of hardships. Their truthfulness was put to a severe test. Being the king-n-queen, they had to fetch water at the house of lower caste people.

(7) All these kings and queens, under the tragic phase of their lives, remembered God; and the poet Narsimha Mehta says, it is his master- God- went to their help and rescued them from misfortune and misery.

## 卐 ભજન-૧૦ 卐

## નારાયણનું નામ જ લેતાં

હરિ સ્મરણ તે આત્મ કલ્યાણનો માર્ગ છે. એ માર્ગોથી જે આપણને રોકે તેનો ત્યાગ કરવાનું નરસિંહ મહેતા સૂચવે છે.

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે
મનસા, વાચા, કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે....... ૧

કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે
ભગિની સૂત, દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે....... ૨

પ્રથમ પિતા પ્રહ્લાદે તજીઓ, નવ તજિયું હરિનામ રે
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે....... ૩

ઋષિપત્નીએ, શ્રી હરિને કાજે, તજીઆ નિજ ભરથાર રે
તેમાં તેનું કાંઇ એ ન ગયું, પામી પદારથ ચાર રે....... ૪

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મ્હાલી રે....... ૫

## Narayan nu naam ja letan

A prayer is the best way to achieve physical well-being. It is wise, therefore, to avoid anyone or anything that takes one away from a prayer.

Narsinh Mahta is considered to be one of the greatest poets in our Gujarati languege. The following bhajan is an example of his devotional poems.

*Narayana nu naama ja letan, vare tene tajiye re*
*Manasa vacha karmana karine, Laxmivarne bhajiye re....1*

*Kulne tajiye, kutumbne tajiye, tajiye maa ne baap re*
*Bhagini sut daarane tajiye, jem taje kanchuki saap re....2*

*Pratham pita Prahlade tajiyo, nav tajiyun hari naam re*
*Bharat Shtrughne taji janeta, nav tajiya shree Raam re....3*

*Rushi patni e shree Hari ne kaaje tajiya nij bharthaar re*
*Tema tenun kainye na gayun, paami pradarath chaar re....4*

*Vraj vanita Vitthalne kaaje, sarva taji ne chaali re*
*Bhane Narsainyo vrundaavanman, Mohan saathe mahali re....5*

## Serve the Ties who relievers from the Redeemer.

❒ Background:

Narsinh Mehta is a great devotional poet, who has composed best Bhajans in Gujarati. Here in this Bhajan he advises to avoid anyone or anything that, prevents you to worship God. The prayer or a worship to God, is not harmful to anybody. There is nothing wrong in doing any truly religious activity. It is sure to exalt ourselves. But still some atheists prevent the devotees to pray to God. The poet says to neglect such resistence and continue worshipping.

(1) Leave those, who hinders your way of worship. You should worship Lord Vishnue, the husband of Laxmiji, with your mind, words and actions.

(2) You may even abandon your race, family, mother, father, son, wife and so on, as automatically as a snake who leaves its upper skin, if they prevent you from going to the religious path.

(3) Giving its instances, the poet quotes Prahlad, who first left his father, the cruel and atheist King Hiranyakashyap, but never

gave up the name of God. In the same way, Bharat and Shatrughna (the sons of King Darsharatha, and brothers of Lord Rama) left their harshtongued mother, Kaikeyee, but did not leave Rama.

(4) The wife of a Rishi left her husband for the sake of God. In so doing, she did not lose. This did not bring her any misfortune, but on the contrary she got four objects.

(5) The poet Narsinh Mehta says that the ladies of the village 'Vraja' left everything for Lord Krishna and joined Him in the Divine Dance in 'Vrundavana'.

## ભજન-૧૧

## જૂનું તો થયું રે દેવળ

આ નાશવંત શરીરમાં અવિનાશી આત્માનો વાસ છે. જન્મથી તે મરણ સુધી શરીરમાં ફેરફાર થયા જ કરે છે. જેમાં કંઈ ફેરફાર થતો નથી તેવો તો માત્ર આત્મા જ છે.

આ ભજનમાં શરીરને દેવળની ઉપમા અપાઈ છે, અને એમાં વસતા આત્માને હંસલો કહ્યો છે. આ ભજન મીરાંબાઈનું છે.

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું........ટેક૦

આ રે કાયા રે હંસા ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત માંયલી રેખું તો રહ્યું........૧

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે,
ઊડી ગયો હંસ, પીંજર પડી તો રહ્યું........૨

બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાંઉ ને પીઉં........૩

## Junun to thayun re deval

This body is destined to perish, the soul is eternal. This Bhajan by Meerabai, the greatest potess of Gujarati language, sings of the aging body and eternal soul that resides in it.

*Junun to thayun re deval junu to thayun*
*Maaro hanslo nano ne deval Junu to thayun......repeat*

*Aare kaaya re hansa dolavane laagi re*
*Padi gaya dant maanhyali rekhun to rahyun......1*

*Taare ne maare hansa preetyun bandhaani re*
*Udi gayo hans peenjar padi to rahun......2*

*Baai Meera kahe chhe prabhu Girdharna gun*
*Premno pyalo tamne paavun ne piyun......3*

## The Temple of Body has worn out

❒ Background:

Meerabai (16th century) is also one of the best devotional poetess of Gujarati language. Born in the Rathod-Rajput Royal family in Rajasthan, she had married to Bhojraj, the son of Sangramsinh, the king of Mewad. Being ascetic and religious-minded, she was no more intersted in the wordly things. Leaving·Mewad, she migrated to Vrundavan and then settled at Dwarka, both are the pilgrim places where Lord Krishnna is said to have lived. Meerabai was a great devotee of him.

Our body is compared here in this Bhajan, with a temple. It grows old, gets sick and ultimately perish. There has been constant changes in this body from birth to death. But the soul, the dweller in the body, remains unchanged. It is compared to a swan, dwelling in the cage. The soul, which is eternal, dwells in the body temporarily. Meerabai craves for the liberation of the soul from bodily attachments.

(1) Our body is imagined to be the temple of God (the soul resides in it). Meerabai says, the temple of my body has grown older, and the dweller, the soul, is younger still.

(2) O, my soul, this body has begun to tremble, grew weaker and feeble. My teeth have betrayed me.

(3) I have been bound with my soul, with the bondage of love, but when the soul (bird) would fly away, this body (cage) would remain abanoned, and lifeless.

(4) The devotional poetess rejoices the qualities of Lord Krishna (Girdhar), and says I would drink the glass full of devotional affection, after making you to do so.

卐 ભજન-૧૨ 卐

## નહિ રે વિસારું હરિ

## O Lord, never shall I forget Thee

હરિને પતિ માની મીરાબાઈ પ્રેમલક્ષણા ભકિત આ પદમાં વર્ણવે છે. મીરાંબાઈ કહે છે, કે જેમ ગોપીઓ કૃષ્ણના રૂપ પાછળ ગાંડી થયેલી તેમ તેને પણ મુરલીધરનું ઘેલું લાગ્યું છે.

નહિ રે વિસારું હરિ
અંતરમાંથી નહિ રે વિસારું હરિ.......ટેક૦

જલ જમુનાનાં પાણી રે જાતાં
શિર પર મટુકી ધરી.......૧

આવતાં ને જાતાં મારગ વચ્ચે
અમૂલખ વસ્તુ જડી.......૨

આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં
ચરણ તમારે પડી.......૩

પીળાં પીતાંબર જરકશી જામા
કેસર આડ કરી.......૪

મોરમુકુટ ને કાને કુંડલ
મુખ પર મુરલી ધરી.......૫

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
વિઠ્ઠલ વરને વરી.......૬

## (12) Nahi re Visaarun Hari

Meerabai fancies Krishna as her husband- indeed, the husband or the controler of the entire universe that he is. Putting herself in the role of one the Gopis, Meera speaks of the greatest lover of them all, Shree Krishna.

*Nahin re visaarun Hari*
*Antar maanthi nahin re vissaarun Hari......repeat*

*Jal jamunaanaa paani re jaatan*
*Shir par matuki dhari......1*

*Aavtan ne jaatan maarag vachche*
*Amulakh vastu jadi......2*

*Aavtan ne jaatan vrinda te vanman*
*Charan tamare padi......3*

*Peelan peetaamber jarkshi jaama*
*Kesar aad kari......4*

*Mor mukut ne kane kundal*
*Mukh par murli dhari......5*

*Bai Meera kahe Prabhu Girdharna gun*
*Vitthal varne vari......6*

## (12) O,Lord, Never shall I forget Thee

❒ Background:

While we are in love with someone, we never forget our beloved for a moment. Wherever we go, whatever we do, we always keep the name of our dearest person on our tongue. In the case of a devotee, or a true seeker of God, this is equally true. Meerabai was one such devotee and an ardent worshipper of Lord Krishna. Her devotion is full of the higher love for the Lord. As the Gopis were mad after Krishna, Meerabai also feels an acute craze for Krishna. In this Bhajan, she says that she will never forget him for a moment. She considers him as her husband, and always thinks about him.

(1) I'll never forget my Lord (Hari). My mind and coinsciousness would always keep his name alive. Meerabai says, while doing all my actions I would not let my mind forget the name of my Lord.
When I go to fetch a potful of water to the bank of the river Jamuna, I carry the earthen pot on my head, I won't forget God.

(2) I found some precious thing on the way, while commuting.

(3) I passed through the forest of Vrundavana, I bowed down to your feet. I had your 'Darshana'.

(4) My Lord had worn yellow dhoti, with embroidered border. And his forehead was marked with saffron.

(5) There was a peacock's feather tucked in his crown, big earring adored his ears and a flute was on his lips.

(6) Meerabai says that such a Lord Vitthal is my husband. She asks us to rejoice the qualities of Lord Krishna or Girdhar.

### ભજન-૧૩

## હરિનો મારગ

## Hari no Marag

## Only the brave deserves Godliness

આ ભજન પ્રીતમદાસનું છે.

હરિને ભજવવાનો માર્ગ, સારા માણસ હરિના માણસ બની જીવવાનો માર્ગ સહેલો નથી. માયાલાલચુ માણસ એ માર્ગે નહીં ચાલે, કારણ કે મોહ, માયા, મમતાનો ત્યાગ કરવો કઠિન છે. એ માર્ગે તો શૂરા એટલે મનના કઠણ, કાયર નહીં તેવા માણસનું જ કામ છે.

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને........૧

સૂત વિત દારા શીશ સમર્પે, તે પામે રસ પીવા જોને
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને........૨

મરણ આગમે તે ભરે મુઠ્ઠી, દિલની દુગ્ધા વામે જોને
તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને........૩

પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને
માંહી પડયા તે મહાસુખ, માણે દેખનહારા દાઝે જોને........૪

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જોને
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને........૫

રામ અમલમાં રાતામાતા પૂરા, પ્રેમી પરખે જોને
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદિન નરખે જોને........૬

*Harino marag chhe shoorano, nahin kayarnu kaam jone*
*Partham pahelun mastak mooki, valti levun naam jone....1*

*Sut vit dara sheesh samarpe, te paame ras peeva jone*
*Sindhu madhye moti levaa mahin padyaa marjeeva jone....2*

*Maran aagame te bhare mutthi, dilini dugdha vaame jone*
*Teere ubha juve tamaasho te kodi nav paame jone....3*

*Prem panth paavak ni jvaala bhaali pachha bhaage jone*
*Mahin padyaa te maha sukh maane dekhanhara daajhe jone....4*

*Mathaa saate monghi vastu, sanpadavi n ahin sahel jone*
*Mahapad paamya te marjeeva mooki manano mel jone....5*

*Raam amalman raata maata poora premi parkhe jone*
*Preetamna svamini leela, te rajnidin nirkhe jone....6*

## Only the Brave Deserve Godliness

❒ Background:

The way to God is not so easy as it seems. It is most difficult in the sense, it requires great courage to pass through any ordeal and to face any trouble. Those who are cowards have no place here. They would not stand against worldy temptation and attractions. They would easily be lured by greed, anger, lust, fascination, attachment of wordly relations and so on. One has to show bravey and firmness in facing such obstacles, even one should be ready to offer his head if it is asked to, in lieu of his devotion to God. Such strong-willed, determined and firm people only can walk on this way to God. Preetamdas emphasizes the fact with fine examples.

(1) It is not the task of cowards, but of the brave to follow the path of God's worship. Here, you have to put your head first, (means to get rid of ego or to undergo the risk of your head) and then you can worship the Lord.

(2) He would attain God, who dedicates his son, wife, wealth and even his head. Such devotees prove lucky to get God's favour. They are like the divers, who risk their lives under sea waters in their efforts to get pearls.

(3) But those who stand on the sea-shores expecting pearls and observing the show, would not get anything, nor even pebels. A true diver (here, the devotee) must be fearless and firm, decisive, free of dilemma and must be ready to put his life in the danger of death, if he wants to achieve God.

(4) This is the path of God's love, but it is like the flames of fire. Therefore, those who see it, prefer to run away to escape a burn. But once you enter into it and ceased to be the onlookers, you are sure to enjoy the great bliss and happiness. Such is the path of devotion to God.

(5) But to achieve this bliss or find your soul in a supreme abode, is not easy. It is a coastly bargain. You may have to offer your head in lieu of it. And whoever have ever got it, they could do so, because they have got rid of the impurity of their minds.

(6) If you want to identify those who are in complete surrender to God or the beloved of God, you can see a peculiar glow, reddishness over their face. They live in the perfect bliss or under total grace of Lord Rama. The poet Pritamdasji, says that he always observes such blissful scene (leela) of his Lord, day and night.

પદ-૧૪

## Sant Samagam

### સંત સમાગમ

સંત સમાગમ શું કરે રે,
અવગુણ છે પોતાની માંચ
મચ્છી ગંધ મૂકે નહીં રે,
જો અહોનિશ પાનીમેં ન્હાય
પથ્થર રહે છે પાણીમાં રે
ભાઈ, અગ્નિ નવ હોલાય,
ભલા રે રામા !... અગ્નિ નવ હોલાય........સંત૦ ૧

અઢાર જાતની વનસ્પતિ તો
વરસ્યા મેહે લીલી થાય

મેઘ બિચારો શું કરે રે
ભાઈ, જળચર જો સુકાય
ભલા રે રામા !...જળચર જો સુકાય........સંત૦ ૨

ઝીંગોડો દૂધ પીએ નહીં ને
રુધિર પીવા જાય
અવગુણિયા પર ગુણ કરો રે ભાઈ,
ભાઈ આંટા લૂણમાં જાય
ભલા રે રામા !... આંટા લૂણમાં જાય........સંત૦ ૩

છાલાં રહેતાં ચારણીમાં ને
લોટ નીકળી જાય
કહે પ્રીતમ જેનું હૃદય કાણું રે
ભાઈ રામરસ નીકળી જાય
ભલા રે રામા !... રામરસ નીકળી જાય........સંત૦ ૪

## Sant Samaagam

*Sant samagam shun kare re*
*Avgun chhe potani manhya,*
*Machchhi gandh mooke nahin re*
*Jo ahonish paanimain nhay,*
*Patthar rahe chhe paanimaan re bhaai agni navholay*
*Bhala re Raama !... agni nav holaay......Sant. 1*

*Adhaar jaatni vanaspati to*
*Varsya mehe leeli thaay,*
*Megh bicharo shun kare re bhaai*
*Jalchar jo sukaay*
*Bhala re Raamaa...! jalachar jo sookaay......Sant. 2*

*Jhingodo dudh piye nahin ne*
*Rudhir peeva jaay,*
*Avguniya par gun karo re bhai*
*Antaa loonman jaay*
*Bhala re Raamaa...! antaloonman jaay......Sant. 3*

*Chhala rehta chaarni maan ne*
*Lot nikali jaay,*
*Kahe Preetam jenu hruday kaanu re bhai*
*Raam ras nikli jaay*
*Bhala re Raamaa...! Raam ras nikli jaay......Sant. 4*

## Meeting with the Saint

❒ Background:

The significance or the role of Guru or saint is widely accepted in the devotional path. It is said that the real Guru or saint is very rare to find. At the same time a true devotee is also a rarity these days. A devotee should be humble, anxious, gentle and so on. He must be aware of his limitations and vices. He must strive hard to get rid of them before he takes up the religious path. Here the poet, Preetam, explains with various examples that the meeting with the saint or your identification with the Guru is highly remote when the vices are present in a devotee.

(1) How can I meet a saint, when I have been full of vices ? I have not purified myself from within. Though a fish lives in water for all the time, it does not leave its bad smell. In the same way the stone is lying in the water and fire cannot be put out. O, noble man, try to understand this.

(2) There are hundreds of types of vegetation on the earth, which blossoms on the arrival of rain, but what the poor rain do if the creatures under water would lose vitality ?

(3) 'Zingodo', a type of parasite which sucks the blood of cattle, dogs and such animals, would not drink milk but suck blood. In the same way, if you show courtesy to a thankless and indifferent person, it would go in vain.

(4) Preetamdas, the poet, gives another example of a sieve, which catches useless things, husks and leaves the flour, which is in fact valuable. So the poet says, he would not be able to grasp and to be blessed with the devotion and love of God, whose

heart is like a sieve. It would throw out the valuable material and catch hold of the trivial and useless ones.
Preetam appeals to a noble reader, to understand this simple fact and then go for the meeting with the saint.

卐 ભજન-૧૫ 卐

## હરિને ભજતાં હજી

આ પદમાં ભગવાનને ભજતાં ભક્તનું શું થાય તેનું વર્ણન છે.

સુરતા એટલે ચિત્તવૃત્તિ. જેની સુરતા હંમેશાં શામળિયા અર્થાત ભગવાનની સાથે છે તેના યોગક્ષમની ચિંતા પ્રભુ કરે છે. એટલે જો કોઈ પ્રભુભજન સિવાય બીજું કંઈ ન કરે તો યે એને કોઈ મુશ્કેલી નડતી નથી, કે એની આબરૂ જતી નથી.

**હરિ ને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે**
**જેની સુરતા શામળિયાને સાથ, વદે વેદ વાણી રે........ટેક૦**

**વ્હાલે ઊગાર્યો પ્રહ્‌લાદ, હિરણ્યકંસ માર્યો રે**
**વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે........૧**

**વ્હાલે નરસિંહ મહેતાને હાર, હાથો હાથ આપ્યો રે**
**ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે........૨**

**વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે**
**પાંચાલીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે........૩**

**આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે**
**કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે........૪**

❀

## Hari ne bhajatan haji

*Harine bhajtaan haji koini laaj jatan nathi jaani re*
*Jeni surataa Shamaliyane saath vade ved vaani re.......repeat*

*Vhaale ugaryo Prahalaad Hiranyakans maaryo re*
*Vibheeshanne aapyun raaj Raavan sanharyo re......1*

*Vhale Narsinh Mehtane haar haathohaath aapyo re*
*Dhruvne aapyun avichal raaj potano kari sthaapyo re......2*

*Vhale Meera te baainan jher halaahal peedhan re*
*Panchaalinan pooryan cheer Paandav kaam keedhan re......3*

*Aavo Hari bhajavaano lhaavo bhajan koi karashe re*
*Kar jodi kahe Premaldaas bhaktonan dukh harshe re......4*

❐ Background:

To worship God is an innocent and harmless activity. Nobody would blame you, if you detach yourself from family and society, with a view to worship God. On the other hand, God also would manage your wordly affairs, and do good to you, if you pray Him with deep faith. He wouldn't let you sink, and rescue you even at the eleventh hour. If you surrender yourselves unconditionally to God's feet, He will carry all your responsibilities. Thus, if someone does nothing except God's worship throughout his life, he will not have to face any trouble; he will not lose his prestige. Here Preetamdas, the poet, gives some illustrations of such ardent devotees of God- Vibhishan, Prahlad, Narsinh Mehta, Draupadi and so on. Elders are requested to tell the stories of these religious characters to their childern to understand these Bhajans fuller and better.

(1) It is written in the Vedas, our holy books, that if you are constant in your mental attachment with God Krishna (Shamliya), and you always worshiph Him, nobody would bring shame and defamation upon you. No such devotee is heard to have lost his name and fame. God has always taken care of him.
Such instances are numerous. The Lord has saved Bhakta Prahlad from the tyranny of his atheist father King Hiranyakashyap, and killed the king, Lord Rama killed Ravana, the king of Sri Lanka and enthroned Vibhishana, Ravana's younger brother in his place.

(2) The Lord handed over a garland to his austere devotee Narsinha Mehata, and established Dhruva, another of his child devotee considering his own, on the throne of Heaven. (Dhruva- the immovable star in the Nothern Sky).

(3) Lord krishna sipped the deadly poison himself, given to Meerabai, a devotional poetess. He performed all the works for Prahlad and supplied meters of cloth (sari) to Draupadi (Panchali), when her sari was pulled away by Dushasan on the instruction of Duryodhana, (the evil element in the Mahabharat).

(4) In this Bhajan Premaldas, the poet, earnestly appeals to the reader, if they capture such devotional moments and worship the Lord, he would relieve them of their miseries and agonies.

## ભજન-૧૬

## હરિ વગર અંધારું !

❐ Background:

Not only, ancient poety like Kabirji, Narsinh Mehta, Meerabai or Preetamdas wrote Bhajans, but a modern poet, young and a successful writer like Ravindra Parekh (a bank-employee from Surat) also feels the same yearning for God. He says, how can I know myself without God ? God is the giver of light of knowledge, without which one cannot see or perceive anything. God's (Hari) presence makes me feel godly virtues within me, and abscence of which makes me lose the entire life. The present song describes the presence of Hari and its consequencies with apt symbols.

The song is taken from 'Gujarat Mitra' Sunday supplement of 19th Apr.2000.

## Darkness of ignorance without God !

**ક્યાંય કશું દેખાય નહિ ત્યાં,**
**હું કેમ મને ધારું ?**
**હરિ વગર અંધારુ મારે હરિ વગર અંધારુ..... ૧**

*Kyanya kashun dekhay nahi tyan,*
*Hun kem mane dharu ?*
*Hari vagar andharu, mare hari vagar andharu......1*

I can't see anything anywhere, as there is total darkness, in such a situation, how can I know myself ? How can I, guess, who am I? (because the inner light is needed to know one's ownself also). There is darkness of ignorance without God (Hari).

હરિ મને સળગાવે તો હું, પ્રગટું દીવા જેમ,
હરિ મને દરિયે નાખે તો, હું મરજીવા જેમ
હરિ ન હો તો ક્યાંય નહિ હું,
ન હો તો કીડીયારું... હરિ વગર અંધારુ..... ૨

*Hari mane salgaave to hu, pragatu deeva jem,*
*Hari mane dariye nakhe to, hu marjeeva jem,*
*Hari na ho to kyanya nahi hu,*
*Na ho to kidiyaru, hari vagar andharu.*

If Hari kindles me, I may lit like a lamp. If hari throws me into the sea, I may become a pearl diver. If Hari is not there, I would be nowhere. Thus, presence of God makes me a devoted, spirited being, otherwise the mass or crowd of men would be like an ant-hill; ant's-nest. Godliness in men separates him from other animals.

હરિ મને હોઠે લઈ લે તો,
પળમાં હું બંસરી,
હરિ મને ઠોકર મારે તો,
રણકું થૈ ઝાંઝરી..... ૩

*Hari mane hothe lai le to,*
*Palma hun bansari,*
*Hari mane thokar mare to,*
*Raanku thai zanzari.*

If Hari allows me to be near his lips, I would at once be his flute. If Hari gives me a stumbling, I would turn into an anklet of jingling bells and produce resonant sound.

હરિ હોય તો સ્વયં હરિ હું
નહિ તો ભવ ભવ હારું
હરિ વગર અંધારું... મારે હરિ વગર અંધારું. - ૪

*Hari hoy to swayam Hari hun,*
*Nahi to bhav-bhav haaru,*
*Hari vagar andhaaru,*
*Mare hari vagar andharu.*

If God is there I myself would be like him, and if he is not there, I am sure to lose my life. I feel darkness (ignorance) without my Lord, (Therefore, O, Lord always be with me and illuminate my path of life.)

卐 ભજન-૧૭ 卐

ભગવાન ભરોસે

## At the Heaven's Will.

**કભી સુખ આવે છે, કભી દુ:ખ આવે છે**
**ચાલે બધો વહેવાર, મારા રામ ભરોસે -ભગવાન ભરોસે - (૧)**

*Kabhi sukh aave chhe, kabhi dukh aave chhe,*
*Chale babho vahevaar, mara Ram bharose, bhagvan bharose - (1)*

Our life is full of ups and downs, happiness and unhappiness, mirth and miseries. It never runs smooth. So we should not forget that pleasures and pains will occur alternatively. We should have faith in God, who runs all our affairs.

**મૂંઝવણ જયારે મનડામાં બહુ થઇ જતી**
**ઘટ ઘટનો ઘડવૈયો તું ખરે અતિ,**
**તરણા તનુ ડુંગર બને છે, મારા રામ ભરોસે,**
**ભગવાન ભરોસે - (૨)**

*Munzavan jyare manadama bahu thai jati*
*Ghat ghatno ghadvaiyo tu, khare ati,*
*Tarna tanu dungar bane chhe mara Ram bharose,*
*Bhagwan bharose - (2)*

Whenever I feel very much puzzle in my mind, I remember you. O, Lord, as you are really the creator of us all. A mountain or a hill takes shape behind a blade of grass at the will of Ram, at the faith of God.

ભાર બધો મેં એના ઉપર નાખ્યો છે
વ્હાલાનો વિશ્વાસ સદાયે રાખ્યો છે
ચિંતા ફિકર છોડી દીધી છે, મારા રામ ભરોસે,
ભગવાન ભરોસે- (૩)

*Bhaar badho mein ena upar naakhyo chhe,*
*Vahalano vishwas sadaye raakhyo chhe*
*Chinta phikar chhodi didhi chhe,*
*Mara Ram bharose, Bhagwan bharose. - (3)*

I have totally surrendered myself to my Lord Ram. All my worries and responsibilities are handed over to him. I always have faith in him. I keep no tension and anxiety.

મનની માળાનો મણકો અહરનિશ ફરતો
દુનિયાની ખટપટથી હું તો ના ડરતો
બિંદુ બની મસ્તાન ગા તું, રામ ભરોસે,
ભગવાન ભરોસે - (૪)

*Manni mala no manko aharnish farto*
*Duniyani khapat thi hu to na darto,*
*Bindu bani mastaan ga tu, Ram bharose,*
*Bhagwan bharose.- (4)*

The beads of my mental rosary always moves in the worship of my Lord. It gives me inner strength to stand amidst the tricks and intrigues of the world. I do not afraid of them. You also recite the name of Ram leaving all your botherations on him and getting rid of ego.

卐 ભજન-૧૮ 卐

## જિંદગીનો શો ભરોસો,

## Life is uncertain

જિંદગીનો શો ભરોસો, વહી જાશે
જોતજોતામાં સમય પૂરો થાશે - જિંદગીનો - ૧

*Jindagino sho bharoso, vahi jaashe,*
*Jot-jotama samay puro thaashe - Jindgino.*

Time passes very quickly. It is unpredictable. The time of life also will finish within no time.

જિંદગી એક ફૂલ છે સંભાળજો,
આજે અગર કાલે જરૂર કરમાઈ જાશે- જિંદગીનો. ૨

*Jindagi ek phul chhe, sambhaljo,*
*Aaje agar kaale jaroor karmai jaashe- Jindagino.*

Life is like a flower. Take care of it tenderly. It will certainly wither away today or tomorrow.

કાયા કાચો કુંભ છે, સાચું માનજો,
કાળની ટક્કર લાગતાં એ ફૂટી જાશે- જિંદગીનો. ૩

*Kaya kaacho kumbh chhe, Saachu manjo,*
*Kaalni takkar laagta e phuti jaashe- Jindgino. 3*

Our body is compared here to a raw clay-pot. It is a truth. It will break by the colision of time.

જિંદગી એક તક મળી છે, તરી જાજો,
ચૂકયા અવસર ઊંઘમાં તે રહી જાશે- જિંદગીનો. ૪

*Jindgi ek mali chhe, tari jajo,*
*Chukya avsar unghma te rahi jaashe- Jindgino. 4*

Life is a precious chance to get ouraelves liberated. If we miss it and be idle in sleep, it will not come again.

પાણી પહેલાં પાળ જીવનની બાંધજો,
અણધાર્યું ઓચિંતુ તેડું આવશે - જિંદગીનો. ૫

*Paani pahela paal jivanni bandhajo,*
*Andharyu ochintu tedu aavshe- Jindgino. 5*

Make prior arrangements, devote time for Bhakti, as the God will call you all of a sudden.

ભક્તિ ભાવ, ભવનું ભાથું બાંધજો,
હરિ હર હરિ હર ભજતાં ભવને ભઈ તરી જાજો- જિંદગીનો. ૬

*Bhakti bhaav, bhavnu bhaathu baandhjo,*
*Harihar Harihar bhajta, bhavne bhai tari jajo- Jindgino. 6*

Enrich yourself with the quantum of devotion in your life and lead yourself to salvation by reciting Harihar, Harihar-(the name of God) repeatedly.

卐 ભજન-૧૯ 卐

## મારી નાડ તમારે હાથે

## In Thine lies my fate

ભવરોગ, એટલે વારંવાર જન્મ લેવો અને મરવું તે. રોગ મટાડવો હોય તો હરિ રૂપી વૈદ પાસે જવું પડે, પ્રેમપૂર્વક, આજીજીપૂર્વક, હકીકત કહેવી પડે. આ ભજનમાં તે વાત કહી છે.

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે........ટેક૦
પથ્યાપથ્ય નથી સમજાતું
દુ:ખ સદૈવ રહે ઉભરાતું
મને હશે શું થાતું નાથ નિહાળજો રે........૧
અનાદિ આપ વૈદ છો સાચા
કોઈ ઉપાય વિષ નહીં કાચા
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે........૨
વિશ્વેશ્વર શું હજી વિસારો
બાજી હાથ છતાં કાં હારો
મહા મૂંઝારો મારો નટવર ટાળજો રે........૩

કેશવ હરિ મારું શું થાશે
ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે........૪

❀

*Maari naad tamare haathe Hari sambhaljo re*
*Mujne potano jaanine Prabhupad paaljo re......Repeat*
*Pathyapatya nathi samjaatun*
*Dukh sadaiv rahe ubhratun*
*Mane hashe shun thaatun naath nihaljo re......1*
*Anaadi aap vaidya chho saachaa*
*Koi upaay vishe nahin kaacha*
*Divas rahya chhe tancha vela vaaljo re......2*
*Vishesvar shun haji visaaro*
*Baaji haath chhatan kaan haaro*
*Maha mujharo maro Natvar taaljo re......3*
*Keshav hari maarun shun thaashe*
*Ghaan valyo shu gadh gheraashe*
*Laaj tamari jaashe bhudhar bhaaljo re......4*

## In Thine Hands Lies My Fate

❒ Background:

Complete surrender to God and His will, is an essential condition of worship (Bhakti). When we fall ill, we go to our family physician or a Vaidya (an Ayurveda doctor) to show our nerve or pulse. We give our case-histroy and narrate our illness. Then the doctor decides the type of treatment and medicine to be give to us.

Here in this Bhajan, a devotee is imagined to be a patient and the God is the doctor. The poet does not talk about bodily illness, but the cycle of birth and death is an ailment, which only God can cure. So the poet, on behalf of the devotee earnestly requests the doctor (Lord) that his pulse/nerve is in your hand and to treat him well, to cure the disease of his entire birth and to liberate the soul (Moksha), salvation of soul.

(1) O, Lord ! my pulse is in your hands, kindly consider me as one of your own (and treat me well) and maintain your Lordship graciously.
I, as a patient, do not understand what to eat and what not to, what is beneficial and what is harmful to my health. And as a result, my uneasiness constantly gets growing. Please hand my nerve carefully to diognose the disease.

(2) I have borne deep faith in you, as a doctor, since eternity. You are my true physician and not at all ignorant about my remedy. So please do the needful and do it quickly as the days are very short, don't waste time. (otherwise, my disease would worsen uncontrollably.)

(3) O, Lord of the globe, what are you thinking still ? Why do you let lose your game ? I have been greatly puzzled, kindly remove my bewilderment.

(4) O, Lord Keshav, what would be my fate ? All the things of mine have gone wrong. It would bring disgrace and defamation to you. O, Lord of the land, I would be engulfed by ailments, tragedies. So please take care of me well, as a kind and considerate doctor.

**卐 ભજન-૨૦ 卐**

**મા બાપને ભૂલશો નહિ.**

## Maa-baap ne bhulsho nahi
## (Don't forget parents)

**ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,**
**અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ. - ૧**

*Bhulo bhale biju badhu, Maa-baapne bhulsho nahi,*
*Aganit chhe upkar ena, eh visarsho nahi.- 1*

'Maatru-devo bhava', 'Pitru-devo bhava'-Mata and Pita-Father and Mother are given the next position after God, by our scriptures.

So, their significance is so scared and great in our life that we should never forget them, even if we forget everything in the world. We should forget that we are under their tremendous and innumerable obligations.

પત્થર પૂજ્યા પૃથ્વીતણા, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છૂંદશો નહિ. - ૨

*Patthar pujya pruthvi tana, tyare dithu tam mukhdu,*
*E punit janana kaalja, patthar bani chhundsho nahi. - 2*

They have taken solemn religious promises or vows to offer specific things to deity for your birth. They have undergone great pains to give you birth and to rear you up. Therefore, we should not hurt their feelings or crush their hearts as they are very holy.

કાઢી મુખેથી કોળિયો, મ્હોંમાં દઈ મોટા કર્યા,
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ. - ૩

*Kaadhi mukhethi koliyo, mhoma dai mota karya,*
*Amrut tana denar saame, zer uchhalsho nahi.- 3*

The parents have taken meticulous care to feed your belly. They have even experienced starvation and scarcity to grow you up. Thus, they have nourished you with elixir, so it would be ingratitude and disloyalty to them if you pshaw venum against them. Don't hurt them by your speech or behaviour.

હેતે હલાવ્યાં લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પુરવા ભૂલશો નહિ. - ૪

*Hete halaavya laad, tamne kod sau pura karya,*
*E kodna purnarnaa, kod purava bhulsho nahi.- 4*

They have fondled you with all affection and have satisfied your desires and aspirations in all respects, in your childhood. Parents, always try to fulfil our wishes even by sacrificing their comforts.

Therefore when they grow old, we should not avoid them, or neglect them. We should try to satisfy them in all aspects. This would be our reward to their precious services.

**લાખો કમાતા હો ભલે, મા-બાપ જેના ના ઠર્યા,**
**એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ. - ૫**

*Laakho kamaata ho bhale, Maa-baap jena naa tharya,*
*E laakh nahi pan raakh chhe, e maanvu bhulsho nahi. - 5*

If you have been earning lakhs of rupees or dollors and keep yourselves very busy, do not have time for your parents, or you do not treat them well, them your earnings are not more significant than ashes. All our earnings and properties, worthless if our parents are compelled to pass their life in agony and unhappiness.

**સંતાનથી સેવા ચાહો, તો સંતાન છો સેવા કરો,**
**જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ. - ૬**

*Santaanthi seva chaho, to santaan chho seva karo,*
*Jevu karo tevu bharo, e bhavna bhulsho nahi. - 6*

'As you sow, so shall you reap.' We should not forget this proverb. If you want that your children should treat you well and serve you whole heartedly; you also should do so to your parents, as you are their child.

**ભીને સૂઈ પોતે અને, સૂકે સુવાડયા આપને,**
**એની અમીમય આંખોને, ભૂલીને ભીંજવશો નહિ. - ૭**

*Bhine sui pote ane, suke suvadya aapne,*
*Eni amimay aankhone, bhuline bhinjavsho nahi. - 7*

Your mother borne all discomforts to make you comfortable. When you were used to wet the bed, she slept in that part of the bed and placed you on the dry side. The affectionate eyes of such a kind mother should not get wet (shed tears) in her old age. It would be very bad on your part if she gets ill-treatment insult from you. So

never be the cause of discomfort to your parents.

**પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર,**
**એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ. - ૮**

*Pushpo bichhaavya premthi, jene tamara raah par,*
*E raahbarna raah par, kantak kadi bansho nahi.- 8*

Your parents have tried to make your life a bed of roses. They have not left any stone unturned to make you comfortable during your childhood. So don't provide any cause of discomfort or obstacle in their lives.

**ધન ખરચતાં મળશે બધું, માતાપિતા મળશે નહિ,**
**એનાં પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહિ. - ૯**

*Dhan kharachta malshe badhu, Maata-Pita malshe nahi,*
*Ena punit charn tani, chaahna kadi bhulsho nahi. - 9*

The parents are a rare entity on earth. You may get everything by spending money, but not the parents. They are beyond the reach of your wealth. They are to be saught by heart, full of emotion and feelings, and not by your earnings and luxuries. Such sacred parents should always be cherished. The heaven lies at their holy feet.

## ભજન-૨૧

## મંગલ મંદિર ખોલો

આ આધુનિક ભજન છે. કવિ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ આ કાવ્ય એમના પુત્રના અકાળ અવસાન પ્રસંગે લખ્યું હતું.

કાવ્યમાંનો શિશુ તે કવિનો પુત્ર છે, તેમ જ પ્રત્યેક ભોળો મનુષ્ય પણ છે, કારણ કે આપણે સૌ પ્રભુનાં શિશુ જ છીએ.

**મંગલ મંદિર ખોલો દયામય,**
**મંગલ મંદિર ખોલો..........ટેક૦**
**જીવન વન અતિ વેગે વટાવ્યું**
**દ્વાર ઊભો શિશુ ભોળો**
**તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો**
**શિશુને ઉરમાં લ્યો લ્યો...........૧**

નામ મધુર તમ રટ્યો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક
પ્રેમ અમીરસ ઢોળો...........૨

## Mangal Mandir Kholo

This elegy is by a recent poet, Nrusinharao Divetia. The poet wrote this song in memory of the tragic death of his young son. A child knocks at the door of the God seeking to enter the eternity.

*Mangal mandir kholo*
*Dayamay mangal mandir kholo.......Repeat.*
*Jeevan van ati vege vataavyun*
*Dvar ubho shishu bholo*
*Timir gayun ne jyoti prakashyo*
*Shishune urman lyo lyo.......1*
*Naam madhur tam ratyo nirantar*
*Shishu sah preme bolo*
*Divya trushatur aavyo balak*
*Prem amiras dholo.......2*

## Open The Holy Gates Thou May.

❐ Background:

This is a famous mournful song, a dirge addressed to the deity or sung on the demise of someone nearer and dearer. It was composed by the modern Gujarati poet, Narsinhrao Bholanath Divetia on the demise of his son. The innocent child in the poem is his son, or a symbol of any innocent,common man, because we all are the children of God. The departed soul knocks at the God's temple, the heaven. And the poet prays the supreme soul to open His gate for the soul to enter the heaven.

(1) O, merciful Lord, kindly open the holy gates of your temple. An innocent child is knocking at your door. He has crossed the woods of earthly life very speedily. He has walked over the path of life hastily. The light (of his life) has gone and the world has been illuminated. Kindly allow the child to make an abode in your heart.

(2) He has always muttered thy sweet name during his life, so I request thee to talk to him with affection, as he has come to thee with a divine thirst. So let thy elixir of love be flown to him. O, kind Lord, shower thy mercy on him and open the holy gates of thy heavenly temple.

❀

# ધૂન વિભાગ TUNES ( DHUN )

卐 ૧ 卐

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ,
ઈશ્વર અલ્લા તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન,
સબકો સન્મતિ દે ભગવાન, સબકો શાંતિ દે ભગવાન,
સબકો સન્મતિ દે ભગવાન, સારા જગ તેરી સંતાન.-રઘુપતિ રાઘવ.

*Raghupati Raghav raja Ram,*
*Patit pavan Sita Ram,*
*Ishwar-Allah tero naam,*
*Sabako sanmati de Bhagwan,*
*Sabko sanmati de Bhagwan,*
*Sabko shanti de Bhagwan,*
*Sabko sanmati de Bhagwan,*
*Sara jaga teri santan.- Raghupati Raghav.*

Lord Rama is also known as Raghav. He is the heir of king Raghu dynasty. He is the holy reliever of the down-trodden and the sinners. King Rama and his wife Sita is known as Sita-Ram. Ishvar and Allah are two different names of the same God. We pray God to give wisdom to all. We also pray Him to confer peace to all, as the entire living being is His creation.

卐 ૨ 卐

નહિ યહ તેરા, નહિ યહ મેરા,
ઈશ્વર કા યહ રાજ્ય હૈ,
ઈશ્વર કા જલ, ઈશ્વર કા ફલ,
ઈશ્વર કા હી અનાજ હૈ,
ફોગટ ખાવે ચોર કહાવે,
ગીતા કી આવાજ હૈ. - નહિ યહ.

*Nahin yah tera, nahin yah mera,*
*Ishvar ka yah rajya hai,*
*Ishvar ka jal, Ishvar ka fal,*
*Ishvar ka hi anaj hai,*
*Phogat khave chor kahave,*
*Gita ki aawaz hai. - Nahi yah.*

This holy planet, the earth, is neither yours nor mine. It is the reign of Ishvara (the God), who has created water, vegetation, food and everything. Our holy book, the Gita says, whoever gets or consumes anything without labour or his right is supposed to be a thief, robber or an idler.

卐 ૩ 卐

**મારું મૂંગાનું વચન રામ તૂંહી તૂંહી,**
**મારું ગરીબ કેરું ધન રામ તૂંહી તૂંહી,**
**જન્મ કાળનો હિંડોળો, રામ તૂંહી તૂંહી,**
**મૃત્યુ કરે શીતળ ખોલ રામ તૂંહી તૂંહી.**

*Maru munganu vachan, Ram tuhi tuhi,*
*Maru garib keru dhan, Ram tuhi tuhi,*
*Janam kal no hindolo, Ram tuhi tuhi,*
*Mrutyu kare shital khol, Ram tuhi tuhi.*

I (an ordinary devotee of God) am dumb, but I speak the only name of Ram. Ram is the wealth of my poverty. He pushes the swing of births and deaths. I only speak the name of Lord Ram.

卐 ૪ 卐

**એકાદશ વ્રતોઃ**

**સત્ય, અહિંસા,ચોરી ન કરવી,**
**વણ જોઈતું નવ સંઘરવું,**
**બ્રહ્મચર્યને જાતે મહેનત,**
**કોઈ અડે ના અભડાવું,**
**અભય, સ્વદેશી, સ્વાદ ત્યાગને સર્વધર્મ સરખા ગણવા,**
**આ અગિયાર મહાવ્રત સમજી,**
**નમ્રપણે નિત્ય આચરવા.**

*Satya, ahimsa, chori na karvi,*
*Vana joitu nava sangharvu,*
*Brahmacharya ne jate mahenat,*
*Koi ade na abhadavu,*
*Abhay, swadeshi, swad tyag ne,*
*Sarva dharma sarkha ganava,*
*Aa agiyar mahavrata samaji,*
*Namrapane nitya aacharva.*

(Here are the Eleven vows given by Mahatma Gandhiji to the people of India during her freedom movement. They are so nice that a devotee on the spiritual path, can also get benefit. They are:-)

Truth, non-violence, not to steal or pilfer, not to stock/corner what is unnecessary, celibecy, productive labour, untouchability, boldness, 'swadeshi' (advocating the use of goods produced in one's own country and doctrine that one can serve the world best through the service of one's neighbourhood), control of the sense of taste, equality of religions. These great eleven vows are to be followed everyday with modesty and sincerity.

卐 ૫ 卐

**રાજ્ય માંગું નહિ, સ્વર્ગ માંગું નહિ,**
**મુક્તિ કી નીંદ મેં ક્યા મઝા હૈ,**
**દીન કે દુ:ખ ભવ ભવ મિટાતા રહૂં,**
**દીનબંધુ યહી વર મૂઝે દે !**

*Rajya maagu nahi, swarga maagu nahi,*
*Mukti ki nind mein kya maza hai,*
*Deen ke dukh bhav-bhav mitata rahu,*
*Deen bandhu yahi var muze de !*

A true devotee never asks for any wordly pleasures or possessions in response to his devotion to God. He says- I shall not ask for a kingdom, or a heaven. What would be the pleasure in the sleep of freedom ? I aspire to be the saviour or helper to the poor and the needy. O Lord-Deenbandhu, kindly give me such a blessing with which I can serve them better.

卐 ૬ 卐

**ટૂંકું ટચુકડું નામ, રામ રામ રામ બોલો,**
**એતો અંતરમાં આપશે આરામ, રામ રામ રામ બોલો,**
**રામ નામ બોલો સિયારામ નામ બોલો,**
**એતો અંતરમાં આપશે આરામ, રામ રામ રામ બોલો.**

*Tuku tachukdu naam, Ram Ram Ram bolo,*
*Eto antarma aapse aaram, Ram Ram Ram bolo,*
*Ram naam bolo- SiyaRam naam bolo,*
*Eto antarma aapse aaram, Ram Ram Ram bolo.*

The name of Lord Ram is very brief and sweet, so O, my mind, you recite the name of Ram, Ram and Ram. It will give mental peace and comfort.

卐 ૭ 卐

હું હરિનો હરિ છે મમ રક્ષક,
એહ ભરોસો, જાય નહિ,
જે હરિ કરશે, તે મમ હિતનું,
એ નિશ્ચય બદલાય નહિ....હું હરિનો.

*Hun Harino Hari chhe mam rakshak,*
*Eh bharoso, jaya nahi,*
*Je Hari karse, te mam hitnu,*
*E nishay badlaay nahi...Hun Harino.*

Here the ardent devotee of God says that:-

I belong to Hari (God), and Hari is my protector. This is my firm belief, which will never undo. Whatever the God would do for me, would be of my benefit, this firmness of decision would never be changed.

卐 ૮ 卐

સાચી વાણીમાં શ્રીરામ, સાચા વર્તનમાં શ્રીરામ,
જન સેવામાં પામીશું, પ્યારા રામ રામ રામ,
હાથે, હૈયે, હોઠે રામ, સારા જીવનમાંયે રામ,
બોલો રામ રામ રામ, રાધે શ્યામ શ્યામ શ્યામ.

*Saachi vanima sri Ram, saacha vartanma sri Ram,*
*Jan sevama paamishu pyara Ram Ram Ram,*
*Haathe, haiye, hothe Ram, sara jivanmaye Ram,*
*Bolo Ram Ram Ram, Radhey Shyam Shyam Shyam.*

Lord Ram is pleased with (or lies in) truth of speech and truth of action. We may attain Ram by serving the people. There is Ram in my heart, lips and hands. He is in my entire life. I prefer to speak Ram Ram Ram or Radhey Shyam, Shyam, Shyam.

卐 ૯ 卐

**શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે,**
**હે નાથ નારાયણ વાસુદેવા.**

*Sri Krishna Govind Hare Murare,*
*He nath Narayana Vasudeva.*

Here are different names of Lord Krishna. We worship Him by the names like Govinda, Hari, Murari, Narayana and Vasudeva.

卐 ૧૦ 卐

**મુસ્કુરાતે રહો, ગુનગુનાતે રહો,**
**યે જીવન સંગીત હૈ, સ્વર સજાતે રહો- મુસ્કુરાત રહો.**
**હો સભી કા ભલા યે કરો કામના,**
**મેલી ના હોયે કોઇ ભાવના,**
**લેના દેના નહીં કુછ તકરારમેં,**
**પ્યારકે હી સદા ગુલ ખીલાતે રહો- મુસ્કુરાતે રહો.**

*Muskuraate raho, gungunate raho,*
*Ye jivan sangit hai, swar sajate raho- Muskurate raho.*
*Ho sabhika bhala ye karo kamna,*
*Maili na hoye koi bhavna,*
*Lena dena nahi kuch takrar mai,*
*Pyar ke hi sada gul khilate raho- Muskurate raho.*

This bhajan brings a valuable message of happiness. It tells us to keep smiling and humming. Which are the sings of inner comfort, and contentment. They reflect our good mood. Life is cpmpared to music. So we should keep our lyre in tune. The poet says to wish for the well-being and prosperity of all, with pure heart and stainless mind. We should never indulge in any sort of quarrel with anybody, as it disturbs our mind and body. Therefore, we should help the flowers of love and friendship to bloom everywhere and keep smiling for ever, humming the songs of harmony for ever.

સતગુરુ મિલે જુ સબ મિલે, ન તો મિલા કોઈ,
માતપિતા સુત બાંધવા, યે તો ઘર ઘર હોય.

સંગતિ સે સુખ ઉપજૈ, કુસંગતિ સે દુઃખ જોઈ,
કહે કબીર તઁહ જાઈએ, સાધ સંગ જહઁ હોઈ.

પાની કેરા બુદબુદા, અસ માનુષ કી જાત,
દેખત હી છિપ જાયેગી, જર્યો તારા પરભાત.

ઐસી બાની બોલિયે, મનકા આપા ખોય,
ઔરન કો શીતલ કરે, આપો શીતલ હોય.

Ronak Printers, Bardoli-394 601(India) Ph. : (02622) (O) 21065 (R) 22849